# Surat Municipal Corporation
# South West (Athwa) Zone

**Tender Notice No. Dy.Commissioner/ S.W.(Athwa)Zone /No.01/ 2026-2027 , W.No.:-27**

**Tender for Awarding advertisement rights on hoardings including erection of board/repairing of existing board at specified Location No.-02 on Ghoddod road adjacent to the wall of kumar hostel on the way to lal bungalow on Public road of South West (Athwa) Zone. (4th Attempt)**

| | | |
|---|---|---|
| DOWNLOAD OF TENDER DOCUMENTS FROM website smc.nprocure.com | : | From 22/06/2026 to 07/07/2026 upto 18.00 hrs. |
| LAST DATE OF ONLINE SUBMISSION OF THE BID AS PER TENDER | : | Up to 07/07/2026 upto 18.00 hrs |
| LAST DATE OF SUBMISSION OF TENDER FEES, EMD AND OTHER DOCUMENTS IN HARD COPY | : | From 08/07/2026 to 16/07/2026 Chief Accountant, SMC, Tapipura, Surat by R.P.A.D./Speed Post upto 18.00 hrs. |
| Opening of Technical Bid (On line) | : | Dt. 08/07/2026, 11.00 hrs. on wards |
| Opening of Price Bid (On line) | : | Dt. 17/07/2026, 11.00 hrs. Onwards |
| TENDER FEES | : | Rs.1062/- |

**TENDER TO BE SUBMITTED TO:**
**THE CHIEF ACCOUNTANT,**
**SURAT MUNICIPAL CORPORATION, TAPIPURA**
**SURAT – 395 003.**

# અનુક્રમણિકા

| અ.નં. | વિગત | પાના નંબર |
|---|---|---|
| ૧ | પરિશિષ્ટ –'અ' ટેન્ડર ફી, બાનાની રકમ, સીકયુરીટી ડીપોઝીટ, તથા વાર્ષિક ઓછામાં ઓછી પરવાના ફીની વિગત, લોકેશનની વિગત | ૦૩ |
| ૨ | પત્રક–૧ ટેન્ડરરને સુચના | ૦૪ |
| ૩ | પત્રક–૨ જાહેરાતના બોર્ડ (હોર્ડિંગ્સ) પર જાહેરાતના હકકો ફાળવવા અંગેની શરતો | ૦૮ |
| ૪ | પત્રક–૩ હકીકત ફોર્મ | ૨૫ |
| ૫ | પત્રક–૪ બાંહેધરી પત્રક | ૨૭ |
| ૬ | પત્રક–૫ હોર્ડિંગ્સના લોકેશનોની યાદી | ૨૮ |
| ૭ | પત્રક–૬ ઓફર ફોર્મ | ૨૯ |
| ૮ | રૂા. ૩૦૦ /– ના સ્ટેમ્પ પેપર ઉપર એફીડેવીટ | ૩૧ |
| ૯ | રૂા. ૩૦૦ /– ના સ્ટેમ્પ પેપર ઉપર અન્ડરટેકીંગ (એનેક્ષર– બી ) | ૩૨ |

# પરિશિષ્ટ – ' અ '

**સુરત મહાનગરપાલિકાના સાઉથ વેસ્ટ(અઠવા) ઝોન વિસ્તારમાં જાહેર રસ્તા પરનાં નિયત લોકેશન નં.૦૨ લાલ બંગલા તરફ જવાના રસ્તે કુમાર છાત્રાલયની દિવાલને અડીને આવેલ હયાત હોર્ડિંગ્સના સ્ટ્રકચરનું પ્રવર્તમાન નિયમોનુસાર જરૂરી રીપેરીગ કાર્ય કરી તેના પર જાહેરાત પ્રદર્શીત કરવાના હકકો ફાળવવા અંગેનું કામ.**

ઈજારદારે ભરવાની ટેન્ડર ફી, બાનાની રકમ, સીકયુરીટી ડીપોઝીટ તથા ઓછામાં ઓછી વાર્ષિક પરવાના ફી વિગેરેની વિગત :

| | | | |
|---|---|---|---|
| **(૧)** | ટેન્ડર ફી + ૧૮ % જી.એસ.ટી<br>રૂા.૯૦૦+૧૬૨ | : | **રૂા.૧૦૬૨/– (નોંન રીફંડેબલ)** |
| **(૨)** | ટેન્ડર સાથે ભરવાની બાનાની રકમ (ઈ.એમ.ડી.) | : | **રૂા.૮૯,૦૦૦/–** |
| **(૩)** | સીકયુરીટી ડીપોઝીટ | : | **રૂા.૨,૨૨,૩૦૦/–**<br>(બે લાખ બાવીસ હજાર ત્રણસો રૂપીયા પુરા)<br>અથવા<br>(મહત્તમ વાર્ષિક ઓફરના ફી ના ૨૫%) એ બે માંથી જે વધુ હોય તે રકમ ભરવાની રહેશે. |
| **(૪)** | ઓછામાં ઓછી વાર્ષિક પરવાના ફી | : | **રૂા.૪૪૪૬/–** પ્રતિ ચો.ફુટ પ્રતિ વર્ષ |
| **(૫)** | લાયસન્સ ફી ભરપાઈ કરવાની પધ્ધતિ | : | ત્રિમાસિક |

**ટેન્ડરરની સહીઃ–**

**કાર્યપાલક ઈજનેર**
**સાઉથ વેસ્ટ (અઠવા)ઝોન**
**સુરત મહાનગરપાલિકા**

# પત્રક–૧
# ટેન્ડરરને સુચના

(૧) ટેન્ડર નોટીસમાં જણાવ્યા મુજબ **સુરત મહાનગરપાલિકાના સાઉથ વેસ્ટ(અઠવા) ઝોન વિસ્તારમાં જાહેર રસ્તા પરનાં નિયત લોકેશન નં.૦૨ લાલ બંગલા તરફ જવાના રસ્તે કુમાર છાત્રાલયની દિવાલને અડીને આવેલ હયાત હોર્ડિંગ્સના સ્ટ્રકચરનું પ્રવર્તમાન નિયમોનુસાર જરૂરી રીપેરીંગ કાર્ય કરી તેના પર જાહેરાત પ્રદર્શીત કરવાના હકકો ફાળવવાના કામ**નુ ટેન્ડર ફોર્મ ઈજારદાર/એજન્સીને https://smctender.nprocure.com વેબ સાઈટ પરથી ઉપલબ્ધ થશે. ટેન્ડર ફી (નોન રીફંડેબલ) અને બાનાની રકમ (EMD) " કમિશ્નર, સુરત મહાનગરપાલિકા, સુરત " ના નામનો એકાઉન્ટ પે ડીમાન્ડ ડ્રાફટ અથવા પે ઓર્ડર (નેશનલ લાઈઝડ/શીડયુલ્ડ બેંક) "Payable at Surat" થી ભરપાઈ કરવાની રહેશે.

(૨) નીચે જણાવેલ વિગતો ઓનલાઈન https://smctender.nprocure.com વેબ સાઈટ પર સબમીટ કરવાના રહેશે.

(A) ટેન્ડર ફી અને EMD ના A/C Pay DD/Pay Order ની નકલ.

(B) અનુભવનો લેટર/ કરેલ કામના પુરાવાઓની (સમાન કરેલ કામના પુરાવા)નકલ.

(C) પ્રોફેશનલ ટેક્ષ રજીસ્ટ્રેશનની નકલ/ ગુમાસ્તાધારા સર્ટીફીકેટની નકલ.

(D) પરમેન્ટ એકાઉન્ટ નંબરની નકલ તથા GST રજીસ્ટ્રેશનની નકલ.

(E) સોલવંશી સર્ટીફીકેટની નકલ(એક વર્ષથી વધુ સમયનું ન હોવું જોઈએ).

(F) છેલ્લા વર્ષના ઈન્કમ ટેક્ષ રીર્ટન ફાઈલ કર્યાની નકલ તથા ચાર્ટડ એકાઉન્ટન્ટનુ છેલ્લા ત્રણ વર્ષના ટર્નઓવરનું સર્ટીફીકેટની નકલ.

(G) ધંધા વ્યવસાયના પ્રકાર વિષયક ઓળખ સંબંધિત ડોકયુમેન્ટ દા.ત.પ્રોપરાઈટર હોય તો લેટરપેડ ઉપર સેલ્ફ ડેકલેરેશન/ ભાગીદારી પેઢી એ દરેક ભાગીદારના નામ સાથે, વિગતો સહિત પાર્ટનરશીપ ડીડ/ એચ.યુ.એફ. માટે કર્તાનાં પાવર ઓફ એર્ટની અને ડીડ/ પ્રાઈવેટ લિ. તથા લીમીટેડ કંપની માટે રજીસ્ટ્રાર ઓફ કંપનીઝ ધ્વારા ઈસ્યુ કરાયેલ 'સર્ટીફીકેટ ઓફ ઈનકોર્પોરેશન" (ધંધાના પ્રકાર મુજબ જે લાગુ પડતું હોય તે ડોકયુમેન્ટ કાયદેસરની ઓળખના પુરાવા તરીકે અપલોડ/ રજુ કરવાનાં થશે.)

(H) બિડર કોઈ પણ ઓર્ગોનાઈઝેશન / કેન્દ્ર સરકાર/ રાજય સરકાર/ મ્યુનિસિપલ કોર્પોશેન / લોકલ સેલ્ફ ગવર્નમેન્ટ ધ્વારા બ્લેક લિસ્ટ કરવામાં આવેલ ન હોવો જોઈએ. તે માટે રૂ.૩૦૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર અન્ડરટેકીંગ ( એનેક્ષર–બી) રજુ કરવાનું રહેશે.

(I) રૂ.૩૦૦/– ના નોન જયુડીશલ સ્ટેમ્પ પેપર પર એફીડેવીટ રજુ કરવાનું રહેશે.

(૩) દરેક કામના ટેન્ડર માટે અલગ–અલગ લોકેશન વાઈઝ અલગ–અલગ ટેન્ડર ફી, ઈ.એમ.ડી, ટેકનીકલ બીડ અને પ્રાઈઝ બીડ વિગેરે ડોકયુમેન્ટ ઓનલાઈન રજુ કરવા તથા ઓફલાઈન

અલગ–અલગ લોકેશન વાઈઝ દરેક કામ દીઠ અલગ–અલગ સીલબંધ કરી સુરત મહાનગરપાલિકાની હિસાબી શાખામાં સીલબંધ કવરમાં ફકત રજી.પોસ્ટ એ.ડી.થી અથવા સ્પીડપોસ્ટથી મોકલવાનુ રહેશે. જેની ખાસ નોંધ લેશો. **સુરત મહાનગરપાલિકાના સાઉથ વેસ્ટ(અઠવા) ઝોન વિસ્તારમાં જાહેર રસ્તા પરનાં નિયત લોકેશન નં.૦૨ લાલ બંગલા તરફ જવાના રસ્તે કુમાર છાત્રાલયની દિવાલને અડીને આવેલ હયાત હોર્ડિંગ્સના સ્ટ્રકચરનું પ્રવર્તમાન નિયમોનુસાર જરૂરી રીપેરીગ કાર્ય કરી તેના પર જાહેરાત પ્રદર્શીત કરવાના હકકો ફાળવવાના કામ**માં જણાવેલ બાનાની રકમ (EMD) નો રાષ્ટ્રીય/સ્થાનિક શીડયુલ્ડ બેંકનો ડિમાન્ડ ડ્રાફટ / પે ઓર્ડર અચુક બીડવાના રહેશે. બાનાની રકમ વિનાના ટેન્ડર રદ થયેલ ગણાશે.

(૪) ટેન્ડરરે ટેન્ડર સાથે પોતાની કોઈપણ શરત રજુ કરવાની નથી. શરતી ટેન્ડર રદ થયેલ ગણાશે.

(૫) કોઈપણ ટેન્ડર સ્વીકારવું કે કેમ તે અંગે સુરત મહાનગરપાલિકાનો હકક અબાધિત રહેશે અને તે અંગે કોઈ કારણો આપવામાં આવશે નહી.

(૬) ટેન્ડર ફી (નોન રીફંડેબલ) તથા (EMD) કવર ઉપર " ટેન્ડર નોટીસનો નંબર" તથા કામનું નામ "**સુરત મહાનગરપાલિકાના સાઉથ વેસ્ટ(અઠવા) ઝોન વિસ્તારમાં જાહેર રસ્તા પરનાં નિયત લોકેશન નં.૦૨ લાલ બંગલા તરફ જવાના રસ્તે કુમાર છાત્રાલયની દિવાલને અડીને આવેલ હયાત હોર્ડિંગ્સના સ્ટ્રકચરનું પ્રવર્તમાન નિયમોનુસાર જરૂરી રીપેરીગ કાર્ય કરી તેના પર જાહેરાત પ્રદર્શીત કરવાના હકકો ફાળવવાનું કામ**" તેમ સ્પષ્ટ લખવાનું છે.

(૭) દરેક ટેન્ડરરે ટેન્ડર ફી તથા બાનાની રકમના સ્થાનિક રાષ્ટ્રીય / શીડયુલ બેંકના "કમિશ્નર, સુરત મહાનગરપાલિકા"ના નામના પે ઓર્ડર/ ડીમાન્ડ ડ્રાફટ કવર માં સીલબંધ કરી સુરત મહાનગરપાલિકાની હિસાબી શાખામાં સીલબંધ કવરમાં ફકત રજી.પોસ્ટ એ.ડી.થી અથવા સ્પીડપોસ્ટથી મોકલવાનુ રહેશે. નિયત મુદત બાદ મળેલ ટેન્ડર સ્વીકારવામાં આવશે નહિ.

(૮) ટેન્ડર ભરનારે ટેન્ડર ફોર્મનાં પત્રક–૧, પત્રક–૨, પત્રક–૩, પત્રક–૪, પત્રક–૫ ઉપર તથા ટેન્ડરના અન્ય પેજ પર દર્શાવેલ હોય તે તમામ નિયત જગ્યા એ અચુક સહી કરવાની રહેશે તે સિવાય ટેન્ડર માન્ય ગણાશે નહી.

(૯) ટેન્ડર વેલીડીટી પિરીયડ પ્રાઈઝબીડ ખુલ્યાની તારીખથી ૧૨૦ દિવસ સુધીનો રહેશે.

(૧૦) ટેન્ડરમાં નિયત કરેલ બોર્ડની ટેન્ડર સાઈટના **પત્રક–૫** માં દર્શાવેલ તમામ લોકેશનના બોર્ડ/સાઈઝ માટે ભાવ આપવાનો રહેશે અને તે મુજબની ગણતરી અનુસાર જરૂરી સીકયોરીટી ડીપોઝીટ તથા જરૂરી લાયસન્સ ફી ની રકમ ભરવાની રહેશે.

(૧૧) **પરવાનો ૦૧ (એક) વર્ષ ની મુદત માટે આપવામાં આવશે. આપેલ પરવાનો પરવાનેદારે ૦૧ (એક) વર્ષ માટે ફરજીયાત ચાલુ રાખવાનો રહેશે.**

(૧૨) ટેન્ડરના પત્રક–૫ માં સામેલ યાદી મુજબ આ કામમા સાઉથ વેસ્ટ(અઠવા) ઝોન વિસ્તારમાં જાહેર રસ્તા પરના નિયત લોકેશન પર હોર્ડિંગ્સ ઉભા કરી તેના પર જાહેરાત પ્રદર્શીત કરવાનો સમાવેશ કરવામાં આવ્યો છે.

(૧૩) ટેન્ડરરે જમા કરાવેલ ચેક બાઉન્સ / પરત થવાના સંજોગોમાં સુરત મહાનગરપાલિકા ટેન્ડરર સામે નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ અન્વયે કાર્યવાહી કરી શકશે તેમજ ચેક બાઉન્સ થવાના સંજોગોમાં ચેક દીઠ રૂા.૧૦૦૦/– અથવા તો પ્રતિ એક લાખની રકમ માટે રૂા.૧૦૦૦/– દંડ પેટે, બે માંથી જે વધારે હશે તે વસુલ લેવામાં આવશે.

(૧૪) ટેકનીકલ બીડ સાથે ઓફર ફોર્મ સબમીટ કરવાના નથી, જો સબમીટ કરવામાં આવે તો તે ટેન્ડર રદ ગણાશે.

(૧૫) પરવાનગીની મુદત દરમિયાન સરકારશ્રીના ધારાધોરણ મુજબનો GST જે પરવાનેદારે લાયસન્સ ફી સાથે ભરવાનો રહેશે. તેમજ સરકારી/ અર્ધ સરકારી તમામ પ્રકારનાં વખતો વખત લાગુ પડતાં કરવેરા પરવાનેદારે અલગથી ભરવાના રહેશે.

(૧૬) સિંગલ ઓફર મળવાના સંજોગોમાં સિંગલ ઓફર ગ્રાહય રાખવી કે કેમ તે અંગે મ્યુનિસીપલ કમિશ્નરશ્રીનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.

(૧૭) ટેન્ડરમાં આવેલ મહત્તમ ઓફરની સક્ષમ સત્તાની મંજુરી અંગે આગળની કાર્યવાહી કરવામાં આવશે, જેમાં હાઈએસ્ટ બિડરે અપલોડ કરેલ ડોકયુમેન્ટ તથા ટેન્ડર ફોર્મ/ડોકયુમેન્ટ સેલ્ફ એટસ્ટેડ, પોતાના નામ, સહી, હોદ્દો તથા સિકકા સાથેની હાર્ડ કોપી દિન–૭ (સાત) મા મુખ્ય હિસાબનીશશ્રી, હિસાબી ખાતુ,સુરત મહાનગરપાલિકા કચેરી ખાતે રજુ કરવાની રહેશે. એજન્સી ધ્વારા ટેન્ડર માં ભાવ આપ્યા બાદ ટેન્ડરની સમયમર્યાદા પુર્ણ થતાં સુધીના કોઈ પણ તબકકે પોતાના ઓફર પરત ખેંચી શકાશે નહી. એજન્સી ધ્વારા નિયત સમયમાં સિકયોરીટી ડીપોઝીટ તેમજ લાયસન્સ ફી ભરવાની રહેશે, તેમ ન કરવામાં આવે અથવા જરૂરીયાત મુજબનાં ડોકયુમેન્ટસ રજુ કરવામાં નહી આવે, તો હાઈએસ્ટ બિડરને ડિસ્કવોલીફાઈડ જાહેર કરવામાં આવશે. આવા ડિસ્કવોલીફાઈડ બિડરની ઈ.એમ.ડી. સુરત મહાનગરપાલિકા ધ્વારા જપ્ત કરાશે તથા ત્યાર પછીના નવા ટેન્ડરોમાં તે એજન્સીને ભાગ લેવા પર ત્રણ વર્ષ સુધી પ્રતિબંધ લાદવામાં આવશે.

(૧૮) સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન ધ્વારા પાડેલ ટેન્ડર અન્વયે પ્રથમ હાઈએસ્ટ બિડર ડીસ્કવોલીફાઈડ થાય તો, સેકન્ડ હાઈએસ્ટ બિડરને પ્રથમ હાઈએસ્ટના ભાવે ઓફર આપવાના કામે નેગોશીયેશન માટે જાણ કરવામાં આવશે. જેમાં સેકન્ડ હાઈએસ્ટ બિડર ધ્વારા સંમતિ આપ્યેથી તેઓને સદર ટેન્ડરનો પરવાનો આપવા અંગે કાર્યવાહી કરવામાં આવશે તથા સદર ટેન્ડર અંગેની તમામ શરતો લાગુ પડશે. આ બાબતે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.

(૧૯) સફળ થયેલ બીડર/ટેન્ડરર ધ્વારા ઉપરોકત રકમો સમયમર્યાદામાં જમા કરાવવામાં નહી આવે તો તેઓને સદર કામગીરી કરવામાં રસ નથી તેમ માની પ્રથમ હાઈએસ્ટ આવેલ બીડરની ઈ.એમ.ડી.ની

રકમ જપ્ત કરી, ટેન્ડરની શરતો મુજબ કાર્યવાહી કરવામાં આવશે તથા ત્યાર પછીના નવા ટેન્ડરોમાં તે એજન્સીને ભાગ લેવા પર ત્રણ વર્ષ સુધી પ્રતિબંધ લાદવામાં આવશે. વધુમાં, સદર કામે આવેલ સેકન્ડ હાઈએસ્ટ બીડર પ્રથમ હાઈએસ્ટ આવેલ બીડરના ભાવો મુજબ કામગીરી કરવા સહમત આપવા જણાવવામાં આવશે. જે અન્વયે સેકન્ડ હાઈએસ્ટ બીડર પ્રથમ હાઈએસ્ટ આવેલ બીડરના ભાવો મુજબ કામગીરી કરવા સહમત ન થાય તો, સદર કામે આવેલ થર્ડ હાઈએસ્ટ બીડરને પ્રથમ હાઈએસ્ટ બીડરના ભાવે કામગીરી કરવા સહમતી આપવા જણાવવામાં આવશે. જે અન્વયે થર્ડ હાઈએસ્ટ બીડર પણ પ્રથમ હાઈએસ્ટ આવેલ બીડરના ભાવો મુજબ કામગીરી કરવા સહમત ન થાય તો, ટેન્ડર રી–ઈનવાઈટ કરવામાં આવશે.

(૨૦) પ્રત્યેક વર્ષની લાયસન્સ ફી મુજબની ત્રિમાસિક લાયસન્સ ફી એડવાન્સમાં એટલે કે ત્રિમાસિક સમયગાળો શરૂ થતા પહેલા ભરવાની રહેશે. નિયત સમયમાં જણાવેલ લાયસન્સ ફી ની રકમ ભરપાઈ કરવામાં નહીં આવે તો સુરત મહાનગરપાલિકાના નિતી–નિયમો મુજબ કાર્યવાહી કરવામાં આવશે અને નિયત સમય પછીના વધારાના વિલંબના સમય માટે ૧૮% ના વાર્ષિક દરે અથવા રૂ.૧૦૦૦/– માંથી જે વધુ હોય, તે પેનલ્ટી વસુલ લેવામાં આવશે.

(૨૧) **કોઈપણ ટેન્ડરરની સુરત મહાનગરપાલિકા ધ્વારા આ અગાઉ મંજુર કરેલ જાહેરાત અંગેના હોર્ડિંગ્સ, કિયોસ્ક, બસ સ્ટેન્ડ વિગેરે કામોએ લાયસન્સ ફીની રકમ બાકી હશે તો ટેન્ડરરનું ટેન્ડર રદ થવાને પાત્ર રહેશે.**

(૨૧) **ઈજારદારે ટેન્ડર ફી અને બાનાની રકમ (ઈ.એમ.ડી.) ની હાર્ડ કોપીની પાછળની બાજુએ જી.એસ.ટી. નંબર અને પાર્ટી કોડનો ઉલ્લેખ કરવાનો રેહશે, જો આમ કરવામાં નિષ્ફળ જાય તો એસ.એમ.સી જવાબદાર રહેશે નહીં.**

(૨૨) અધુરી માહિતી ભરેલ/અધુરું અપલોડ કરેલ, માગ્યા મુજબના પુરાવા રજુ થયેલ ન હોય તેવુ ટેન્ડર રદ થવાને પાત્ર રહેશે.

(૨૩) ઉપર જણાવેલ તમામ સુચનાઓ અને ટેન્ડર ડોકયુમેન્ટ સાથે જોડાયેલ પરિશિષ્ટ આ ટેન્ડરની શરત અને નિયમોનો ભાગ રહેશે.

(૨૪) **નિયત લોકેશન નં.૦૨ લાલ બંગલા તરફ જવાના રસ્તે કુમાર છાત્રાલયની દિવાલને અડીને આવેલ હયાત હોર્ડિંગ્સના સ્ટ્રકચરને સુરત મહાનગરપાલિકાનાં માન્ય સ્ટ્રકચરલ ઈજનેરના સુપરવિઝન હેઠળ રીપેરીંગ/જરૂર જણાયે જુનં હયાત સ્ટ્રકચર ઉતારી નવું હોર્ડિંગ્સ સ્ટ્રકચર ઉભુ કરવાનું રહેશે તથા જે બાબતેનું સ્ટ્રકચરલ ઈજનેરનું પ્રવર્તમાન નીતી નિયમોનુસારનું સ્ટેબીલીટી સર્ટીફીકેટ રજુ કરવાનું રહેશે. સ્ટેબીલીટી સર્ટીફીકેટ ઝોન કચેરીએ રજુ કર્યા બાદ જ હોર્ડિંગ્સ લગાડવાની પરવાનગી મળવાપાત્ર રહેશે**

**ટેન્ડરરની સહી:–**

**કાર્યપાલક ઈજનેર**
**સાઉથ વેસ્ટ (અઠવા)ઝોન**
**સુરત મહાનગરપાલિકા**

## પત્રક–૨

**સુરત મહાનગરપાલિકાના સાઉથ વેસ્ટ(અઠવા) ઝોન વિસ્તારમાં જાહેર રસ્તા પરનાં નિયત લોકેશન નં.૦૨ લાલ બંગલા તરફ જવાના રસ્તે કુમાર છાત્રાલયની દિવાલને અડીને આવેલ હયાત હોર્ડિંગ્સના સ્ટ્રકચરનું પ્રવર્તમાન નિયમોનુસાર જરૂરી રીપેરીગ કાર્ય કરી તેના પર જાહેરાત પ્રદર્શીત કરવાના હકકો ફાળવવાનું કામ.**

**[A] સામાન્ય શરતો (General Condition):–**

(૧) સાઉથ વેસ્ટ(અઠવા) ઝોન વિસ્તારમાં જુદા–જુદા જાહેર રસ્તાઓ પરના નિયત લોકેશન પર હોર્ડિંગ્સના સ્ટ્રકચર ઉભા કરી તેના પર જાહેરાત પ્રદર્શીત કરવા માટે આપેલ ઈજારાના સમયગાળા દરમ્યાન પત્રક–૫ માં દર્શાવેલ જાહેરાતના માધ્યમો દુર કરવાનો સુરત મહાનગરપાલિકા તરફથી નિર્ણય કરવામાં આવે તો દુર થયેલ જાહેરાતના માધ્યમો પછીના બાકીના સમયગાળા માટે લાયસન્સ ફીમાં પ્રમાણસર ઘટાડો કરવા મહાનગરપાલિકા અને ઈજારદાર બંધાયેલ રહેશે, પરંતુ ઈજારદારને દુર થયેલ જાહેરાતના માધ્યમો નું કોઈ વળતર મેળવવાનો અધિકાર રહેશે નહિ.

(૨) ટેન્ડરના પત્રક–૫ માં જણાવેલ સાઈઝ અને લોકેશન મુજબ જાહેરાતના બોર્ડના (હોર્ડિંગ્સ) સ્ટ્રકચર ઉભા કરી જાહેરાત પ્રદર્શિત કરવાના હકકો આપવા માટેની કામગીરી છે. આ હકકો આપવાથી સુરત મહાનગરપાલિકાની આ જગ્યા/મિલ્કતો પર સદર ફાળવેલ હકક સિવાયના અન્ય જાહેરાતના માધ્યમો પર જાહેરાતો પ્રદર્શિત કરવાના સુરત મહાનગરપાલિકાના હકકો અબાધિત રહે છે તથા તે અન્વયે સુરત મહાનગરપાલિકાનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે. વધુમાં, સદર કામે ઈજારદાર ધ્વારા જાહેરાત પ્રદર્શિત કરવા બનાવવામાં આવેલ/ હયાત જાહેરાતના માધ્યમો ઈજારાની સમયમર્યાદા પૂર્ણ થતા વિના વળતરે સારી હાલતમાં સુરત મહાનગરપાલિકાને સોંપવાના રહેશે.

(૩) વહીવટી સરળતા ખાતર અથવા નડતરરૂપ જાહેરાતના બોર્ડ જે તે સ્થળે ખસેડવા અથવા નાના મોટા કરવા અંગે સુરત મહાનગરપાલિકાનો નિર્ણય આખરી રહેશે.

(૪) ઈજારદાર તથા મહાનગરપાલિકા વચ્ચે આ બાબતે કોઈ પણ વિવાદ ઉભો થાય તેવા પ્રસંગે મ્યુ.કમિશનરશ્રીનો નિર્ણય આખરી અને બંધનકર્તા ગણાશે.

(૫) ઈજારો મંજુર થતા સફળ ઈજારદારે તેમના રહેઠાણ તથા ધંધાના સ્થળનું પુરેપુરૂ ટપાલનું સરનામું, ફોન નંબર, ફેક્ષ નંબર વિગેરેની વિગતો પુરી પાડવાની રહેશે તથા ભવિષ્યમાં તેમાં કોઈ ફેરફાર થાય તેની જાણ તાત્કાલિક સુરત મહાનગરપાલિકાને કરવાની રહેશે. ઈજારદારે જણાવેલ સરનામા ઉપર

સુરત મહાનગરપાલિકા ધ્વારા જે કોઈ પત્ર વ્યવહાર કરવામાં આવે તે ઈજારદારને મળ્યા બરાબર ગણાશે.

(૬) ટેન્ડરમાં જણાવેલ તમામ જાહેરાતના માધ્યમો માટે ટેન્ડરરે ભાવો આપવાના રહેશે. અંશતઃ (Part offer) ઓફર સ્વીકારવામાં આવશે નહી.

(૭) જો જાહેરાતના માધ્યમોના લોકેશનને હયાત જગ્યાએથી ખસેડીને નવી જગ્યાએ મુકવાનો નિર્ણય કરવામાં આવે તો મંજુર ભાવ પ્રમાણે જ શીફટ થયેલ જગ્યાએ જાહેરાતના માધ્યમો ઉપર જાહેરાત પ્રદર્શિત કરવાના હકકો ઈજારદારના રહેશે.

(૮) સુરત મહાનગરપાલિકા તરફથી વખતો વખત કોઈ શરતોમાં ફેરફાર થાય અગર તો કોઈ નવી શરતો ઉમેરાય તો તે તમામ પરવાનેદારને માન્ય તથા બંધનકર્તા રહેશે તથા કોઈપણ શરતોના અર્થઘટન માટે મ્યુનિસીપલ કમિશ્નરશ્રીનો નિર્ણય આખરી ગણાશે.

(૯) ઈજારદારે ઓફર આપતા પહેલા ટેન્ડરમાં જણાવેલ જાહેરાતના તમામ માધ્યમોની સ્થળ પરિસ્થિતી તથા તેનો હદ વિસ્તાર વિગેરે પુરેપુરો રૂબરૂમાં જોયો છે તથા તમામ માધ્યમો ઉપર પ્રદર્શિત કરવામાં આવનાર બોર્ડ / જાહેરાતો દ્રશ્યમાન (વીઝીબલ) હોવાની તથા સ્થળસ્થિતી મુજબ સદર જાહેરાતના માધ્યમો ઉભા કરી શકાય તેમ હોવાની ખાત્રી કરેલ છે તેમ માની લેવામાં આવશે તથા સ્થળ પર ની હયાત પરિસ્થિતીમાં જ ઈજારા માટે ફાળવવાના રહે છે. જેથી આ બાબતે પાછળથી કોઈ તકરાર ચાલશે નહી.

(૧૦) જો ઈજારદાર તેમને સોંપવામાં આવેલ ઈજારાની નિયત સમય મર્યાદા પુર્ણ થાય તે પહેલા પોતાનો પૂરેપૂરો ઈજારો રદ કરવા ઈચ્છે તો તેઓએ ઓછામાં ઓછા ૬ **(છ) માસ** અગાઉથી લેખિતમાં જાણ કરવાની રહેશે. તેઓની રજુઆત જો ગ્રાહય રાખવામાં આવે અને તે મુજબ સુરત મહાનગરપાલિકા તરફથી જાણ કર્યેથી ઈજારો રદ થયેલો ગણાશે અને ત્યારબાદ ઈજારદારે તમામ માધ્યમો પરથી જાહેરાતો દૂર કરવાની રહેશે. **ઈજારદારે અંશતઃ ઈજારો રદ કરી શકાશે નહી.** તેઓને સોંપવામાં આવેલ પૂરેપૂરી કામગીરી માટે જ ઈજારો રદ કરવામાં આવશે. પરંતુ ઈજારો રદ કરવો કે કેમ? તે અંગે નિર્ણય લેવાની મ્યુનિસીપલ કમિશ્નરશ્રીની સત્તા અબાધિત રહેશે.

(૧૧) જાહેરાતના માધ્યમો પર ના જાહેરાતના હકકો અન્ય કોઈપણ એજન્સીને પેટા ભાડેથી આપી શકશે નહી તેમ છતા જો તેમ થયેલ હોવાનું જણાશે તો સુરત મહાનગરપાલિકા તેવી જાહેરાત વિના નોટીસે, ટેન્ડરરના ખર્ચે અને જોખમે દુર કરી શકશે અને તે અંગે કોઈ વળતર મેળવવા તેઓ હકકદાર રહેશે નહી. તથા સદર કામે જમા કરાવેલ સીકયોરીટી ડીપોઝીટ જપ્ત કરવા સુરત મહાનગરપાલિકા હકકદાર રહેશે.

(૧૨) ટેન્ડરના પત્રક–૫ થી દર્શાવેલ નિયત લોકેશન પર અનિવાર્ય સંજોગોમાં હોર્ડિંગ્સ ઉભું કરી શકાય તેમ ન જણાય તેવા સંજોગોમાં ઈજારદાર ધ્વારા ચેઈન્જ ઓફ સાઈટની માંગણી કરવામાં આવે તો સુરત મહાનગરપાલિકાને યોગ્ય જણાયેથી જે તે લોકેશન સામે સરખુ મહત્વ ધરાવતા ૨૫૦ મી. ત્રિજયાના વિસ્તારમાં આવેલ અન્ય લોકેશન પર ચેઈન્જ ઓફ સાઈટ આપવા મ્યુ.કમિશ્નરશ્રી ધ્વારા નિર્ણય થયેથી ફાળવવામાં આવશે. જે ઈજારદારને બંધનકર્તા રહેશે. જો કોઇ કિસ્સામાં ઈજારદાર ધ્વારા કરવામાં આવેલ રજુઆત મુજબ ચેઈન્જ ઓફ સાઈટ આપવામાં ન આવે તો તેવા કિસ્સામાં સુરત મહાનગરપાલિકા કોઈપણ ખુલાસો કે કારણ આપવા બંધાયેલ નથી. ચેઈન્જ ઓફ સાઈટ આપવી કે નહિ તે બાબતે તથા નવા/સુચિત લોકેશન બાબતે મ્યુ.કમિશ્નરશ્રીનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.

**[B] ઈએમડી (બાનાની રકમ) સિકયુરીટી ડીપોઝીટ, લાયસન્સ ફી, ટેક્ષ / ડયુટી બાબતઃ–**

(૧) ટેન્ડરરે પરિશિષ્ટ – "અ" માં જણાવ્યા મુજબની બાનાની રકમ (EMD) ટેન્ડર સાથે જમા કરાવવાની રહેશે.

(૨) હાલમાં સુરત મહાનગરપાલિકામાં ઈ–ટેન્ડર પધ્ધતિથી જે ટેન્ડર મંગાવવામાં આવે છે તેમાં સામાન્યરીતે ઓનલાઈન પ્રાઈસબીડ સબમીશનની અંતિમ તારીખ બાદ અમુક નકકી કરેલ દિવસમાં ટેન્ડરને લગતા જરૂરી ડોકયુમેન્ટસ (ટેન્ડર ફી, ઈ.એમ.ડી., રજીસ્ટ્રેશન, ટર્નઓવર, સોલવંન્સી સર્ટીફીકેટ, અનુભવના પ્રમાણપત્રો તેમજ અન્ય ડોકયુમેન્ટસ) અલગથી હાર્ડકોપીમાં મંગાવવામાં આવતા હોય છે. આ બાબતમાં મળેલ ફરીયાદ ધ્યાનમાં લેતાં ઈ–ટેન્ડર પધ્ધતિમાં ટેન્ડર માટે બાનાની રકમ (ઈ.એમ.ડી.) તથા ટેન્ડર ફી ના ડીમાન્ડ ડ્રાફટ ઓનલાઈન સ્કેન કરી ઈલેકટ્રોનિક ફોર્મેટમાં ટેન્ડર અપલોડ કરવાનો રહેશે. આ પ્રકારે રજુ થયેલ વિગતે બાનાની રકમ અને ટેન્ડર ફી મળેલ હોય તેની જ ઓફર ખોલવામાં આવશે. ખરેખર ચુકવણી માટે ટેન્ડર ભરનારે ડીમાન્ડ ડ્રાફટ અસલમાં રજીસ્ટર્ડ પોસ્ટ એ.ડી./ સ્પીડ પોસ્ટ થી એકાઉન્ટ ડીપાર્ટમેન્ટ (મેઈન ઓફીસ) માં અપલોડીંગની છેલ્લી તારીખથી નિયત કરેલ તારીખ સુધીમાં મળે તે અનુસાર રજુ કરવાના રહેશે. નિર્ધારીત સમયમર્યાદા સુરત મહાનગરપાલિકાની મુખ્ય હિસાબનીશની કચેરીમાં અસલ ડીમાન્ડ ડ્રાફટ ન પહોંચવાના કિસ્સામાં સીટી ઈજનેરશ્રીની નોંધ નંબર ૬૧, તા.૦૫/૦૨/૨૦૨૫ મુજબ નીચેના કોષ્ટકમાં જણાવેલ પેનલ્ટી પેટે રકમ વસુલવાની શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

| અ. નં. | ટેન્ડર રકમ | પેનલ્ટીની રકમ રૂા. |
|---|---|---|
| ૧ | રૂા. ૧.૦૦ કરોડ સુધી | ૧૦,૦૦૦/– |
| ૨ | રૂા. ૧.૦૦ કરોડ થી વધુ અને રૂા. ૧૦.૦૦ કરોડ સુધી | ૨૦,૦૦૦/– |
| ૩ | રૂા. ૧૦.૦૦ કરોડ થી વધુ અને રૂા. ૫૦.૦૦ કરોડ સુધી | ૩૦,૦૦૦/– |
| ૪ | રૂા. ૫૦.૦૦ કરોડ થી વધુ અને રૂા. ૧૦૦.૦૦ કરોડ સુધી | ૭૦,૦૦૦/– |
| ૫ | રૂા. ૧૦૦.૦૦ કરોડ થી વધુ | ૧,૦૦,૦૦૦/– |

જો ટેન્ડરર પેનલ્ટીની રકમ મહાનગરપાલિકામાં દિન–૧૦ (દસ) માં જમાં ન કરાવે તેવા સંજોગોમાં અને / અથવા જો ટેન્ડરર બીજી વખત આ પ્રકારની ચુક / ભુલ કરે તો,બીજી વખતે અસલમાં ડીમાન્ડ ડ્રાફટ ન પહોંચવાના કિસ્સામાં ઈજારદાર સામે શિક્ષાત્મક પગલા( ટેન્ડર ફી તેમજ બાનાની રકમ નિયત સમયમાં ઈજારદાર ન ભરે તો ઈજારદારની નોંધણી ૦૬ (છ) માસ માટે એબેન્સમાં રાખવાની કાર્યવાહી કરી ઈ–ટેન્ડરીંગનો કોડ ૦૬ (છ) માસ માટે રદ કરાશે.) લેવામાં આવશે. ટેન્ડર બીડનાં માટે જરૂરી આધાર માટેના કોઈપણ ડોકયુમેન્ટ ઓનલાઈન ઈલેકટ્રોનિક ફોર્મેટમાં સ્કેન કરી મોકલવાના રહેશે અને હાર્ડકોપી અલાયદી રીતે સ્વીકારવામાં આવશે નહિ.

(૩) સફળ ટેન્ડરરે ટેન્ડર મંજુર થયાની લેખિત જાણ કર્યાની તારીખથી / એલોટમેન્ટ લેટર આપ્યાની તારીખથી **દિન ૦૭(સાત)**માં સીકયોરીટી ડિપોઝીટ પે ઓર્ડર/ ડીમાન્ડ ડ્રાફટ/ બેંક ગેરેંટી/ એફ.ડી.આર. થી સાઉથ વેસ્ટ(અઠવા) ઝોન કચેરી સુરત મહાનગરપાલિકા ખાતે ભરવાની રહેશે. જો તે પ્રમાણે સમયસર રકમ ભરાશે નહી તો અર્નેસ્ટ મની (બાનાની) ડીપોઝીટની રકમ જપ્ત કરવાની કાર્યવાહી કરી શકશે તથા ટેન્ડરરના હકકો આપો આપ રદ થશે. જે અંગે કોઈ તકરાર ચાલી શકશે નહી. સીકયોરીટી ડીપોઝીટની રકમ ભરવામાં નિયત સમયથી વધુ સમય લાગશે તો વિલંબીત સમયગાળા માટે સીકયોરીટી ડીપોઝીટની રકમ પર વાર્ષિક ૧૮%ના દરે અથવા રૂા.૧૦૦૦/– માંથી જે વધુ હોય, તે પેનલ્ટી વસુલ લેવામાં આવશે.

(૪) સીકયોરીટી ડીપોઝીટ માટે મા.કમિશ્નરશ્રીના પરિપત્ર નં.એકા/સી.આઈઆર./૦૮, તા.૧૪/૦૫/૨૦૧૮ નું નીચે મુજબના મુદ્દાનું પાલન કરવાનું રહેશે.

**(અ) તમામ પ્રકારની કામગીરી માટે જે એસ.ડી. પ્રથમ તબકકે (ઈનીશીયલ) સ્વીકારવામાં આવે છે તે માટે તા.૦૧/૦૬/૨૦૧૮ પછી રૂા.૦૨/– કરોડની રકમના ઉપરના કામોમાં જ બેંક ગેરંટી/એફ.ડી.આર. સ્વીકારવાની રહેશે તેમજ રૂા.૦૨/– કરોડની અંદરના કામોની એસ.ડી.દરેક ઈજાદારે રોકડા/ડી.ડી/પે ઓર્ડર થી જમા કરાવવાની રહેશે. આ અંગેની જરૂરી સુધારેલ શરતો ટેન્ડર ફોર્મમાં આમે જ કરવાની રહેશે.**

**(બ) વધારાની એસ.ડી. (પર્ફોમન્સ) માટે ટેન્ડરની શરતો મુજબ કાર્યવાહી કરવાની રહેશે.**

(૫) સીકયોરીટી ડીપોઝીટ તરીકે ભરેલી રકમ આ કામગીરી અંગેનાં કરાર પાલનની જામીનગીરી તરીકે સુરત મહાનગરપાલિકા પાસે અનામત તરીકે રાખવામાં આવશે. અને ફાળવણીની શરતોનું પાલન થયું હશે તો ફાળવણીની મુદત પુરી થયેથી ઈજારદારને વગર વ્યાજે પરત આપવામાં આવશે.

(૬) ટેન્ડર મંજુર થયેથી એલોટમેન્ટ લેટર આપ્યાની તારીખથી **દિન–૦૭ (સાત)** માં ત્રિમાસીક લાયસન્સ ફી રોકડેથી / ચેકથી / ડીમાન્ડ ડ્રાફટ મારફતે અઠવા ઝોન કચેરી, સુરત મહાનગરપાલિકા ખાતે ભરવાની રહેશે. ચેક / ડીમાન્ડ ડ્રાફટ કમિશ્નર, સુરત મહાનગરપાલિકાના નામનો સ્થાનિક શીડયુલ / રાષ્ટ્રીયકૃત બેંકનો આપવાનો રહેશે. નિયત લાયસન્સ ફી / પરવાના ફી ભરવામાં નિયત સમયમર્યાદાથી વધુ સમય લાગે તો સુરત મહાનગરપાલિકાના નિતી–નિયમો મુજબ કાર્યવાહી કરવામાં આવશે અને નિયત સમય પછીના વધારાના વિલંબના સમય માટે ૧૮% ના વાર્ષિક દરે અથવા રૂા.૧૦૦૦/– માંથી જે વધુ હોય, તે પેનલ્ટી વસુલ લેવામાં આવશે.

પરંતુ જો ઈજારદાર એલોટમેન્ટ લેટર આપ્યાની તારીખથી વધુમાં વધુ **૨(બે) માસમાં** ત્રિમાસિક લાયસન્સ ફી ની રકમ વિલંબીત પેનલ્ટી સહિત ભરવામાં નિષ્ફળ જશે તો તેમની ઈ.એમ.ડી. / સીકયુરીટી ડીપોઝીટની રકમ તથા અન્ય કોઈપણ જમા રકમ સુરત મહાનગરપાલિકા ધ્વારા જપ્ત કરવામાં આવશે તથા ત્યાર પછીના નવા ટેન્ડરોમાં તે એજન્સીને ભાગ લેવા પર ત્રણ વર્ષ સુધી પ્રતિબંધ લાદવામાં આવશે અને સુરત મહાનગરપાલિકા સ્થળ પર કરવામાં આવેલ / થયેલ કામગીરી, માલસામાનનો પ્રત્યક્ષ કબજો લઈ શકશે તેમજ તે બાબતે કોઈ નુકશાની ઈજારદાર માંગી શકશે નહી. આ સંજોગોમાં ઈજારદારનું ટેન્ડર દફતરે કરી, ટેન્ડરના હકકો રદ કરવામાં આવશે અને સુરત મહાનગરપાલિકા અન્ય ઈજારદાર / વ્યકિત / સંસ્થા / એજન્સીને આ કામગીરી સોંપવા માટે હકકદાર રહેશે.

(૭) સદર કામે આવેલ બિડરો પૈકી પ્રથમ ત્રણ હાઈએસ્ટ બિડરની અર્નેસ્ટ મની ડીપોઝીટ ટેન્ડરની કાર્યવાહી પૂર્ણ થયા બાદ મંજુર થયેલ બિડરને એલોટમેન્ટ લેટર ઈસ્યુ થયેથી તેઓ ધ્વારા નિયમ મુજબ સિકયુરીટી ડીપોઝીટ ભરપાઈ કર્યેથી ત્યારબાદ મંજુરી મળ્યેથી વગર વ્યાજે પરત કરવામાં આવશે. પ્રથમ ત્રણ બિડરો સિવાયનાં અન્ય બિડરોની ઈ.એમ.ડી. ટેન્ડરની કાર્યવાહી પૂર્ણ થયા બાદ મંજુરી મળ્યેથી વગર વ્યાજે પરત કરવામાં આવશે. સુરત મહાનગરપાલિકા ધ્વારા મંજુર કરવામાં આવેલ લાયસન્સ/પરવાના ફી ઈજારદારે નિયત સમયમાં / સમયાંતરે સુરત મહાનગરપાલિકાની તિજોરીમાં જમા કરાવવાની રહેશે.

(૮) પ્રથમ ત્રિમાસીક પછીની દરેક ત્રિમાસીક લાયસન્સ ફીની રકમ અગાઉથી સ્થાનિક શીડયુલ / રાષ્ટ્રીયકૃત બેંકના ચેકથી ડીમાન્ડ ડ્રાફટ/રોકડેથી જે તે માસ શરૂ થાય તે પહેલા ભરવી પડશે અને જો

તેમ કરવામાં ઈજારદાર કસુર કરશે તો ઈજારદારના ખર્ચે અને જોખમે સુરત મહાનગરપાલિકા સદરહુ જાહેરાત વગર નોટિસે ઉતારી શકશે. તેમજ ઈજારો રદ કરી શકશે અને તે બાબતની કોઈ નુકશાની ઈજારદાર માંગી શકશે નહી. આવી કાર્યવાહી કરતાં પહેલા સુરત મહાનગરપાલિકા આવી ફી માટે માંગણી કરવા અથવા ઈજારદારને ખબર આપવા બંધાયેલ નથી.

(૯) ઈજારદારની ઈજારાના નિયત સમયગાળા દરમ્યાન જાહેરાતના માધ્યમોની સાઈઝ, સંખ્યા અથવા પ્રકારમાં સુરત મહાનગરપાલિકાની મંજુરીથી ઘટાડો / વધારો / ફેરફાર થાય તો તદ્નુસાર મંજુર લાયસન્સ ફીમાં પ્રમાણસર ઘટાડો / વધારો કરવા સુરત મહાનગરપાલિકા અને ટેન્ડરર બંધાયેલા રહેશે. આવા પ્રસંગોએ સુરત મહાનગરપાલિકાના સક્ષમ અધિકારીશ્રી તરફથી નિર્ણય / હુકમ થયેથી આગામી ત્રિમાસિક લાયસન્સ ફીની રકમમાં પ્રમાણસર વધારો / ઘટાડો કરવામાં આવશે અને જયાં સુધી નિર્ણય ન થાય ત્યાં સુધી નિયત લાયસન્સ ફીની રકમ ઈજારદારે સમયસર ભરવાની રહેશે.

ઈજારદાર જો નવા પ્રકારના જાહેરાતના માધ્યમો સૂચિત કરે અને તે સુરત મહાનગરપાલિકા દ્વારા ગ્રાહય રાખવામાં આવે તો તે માટે નિયત થાય તે મુજબ મંજુર લાયસન્સ ફીમાં સુરત મહાનગરપાલિકા પ્રમાણસર વધારો કરી શકશે અને તે ઈજારદારે માન્ય રાખવાનો રહેશે.

(૧૦) ઈજારદારને ફાળવેલ જગ્યા / માધ્યમો ઉપર જાહેરાત કરવા સબંધી કોઈ પણ કાયદા હેઠળ રાજય સરકાર/ કેન્દ્ર સરકાર અથવા કોઈ લાગતી વળગતી સરકારી/અર્ધસરકારી એજન્સીની મંજુરી/પરવાનગી/ લાયસન્સની જરૂર હોય તો તે ઈજારદારે પોતે જ મેળવવાની રહેશે. સુરત મહાનગરપાલિકાની સદર બાબતે કોઈ જવાબદારી રહેતી નથી.

(૧૧) એલોટમેન્ટ લેટર મળ્યેથી લાયસન્સ ફીની રકમની સાથો સાથ કેન્દ્ર સરકાર / રાજય સરકાર તરફથી નકકી થયેલ ચાર્જ કે વખતો વખત લાગુ પડતા જે તે કાયદા હેઠળ નકકી થતાં ચાર્જ કે સરકારી/અર્ધસરકારી ટેક્ષ/ચાર્જ/વેરા/ડયુટી વિગેરે ભરવાની / આપવાની જવાબદારી ઈજારદારની રહેશે.

કેન્દ્ર સરકાર / રાજય સરકાર / સ્થાનિક સ્વરાજની સંસ્થાના નિયમો / કાયદામાં ફેરફારો થવાને કારણે કે નવા કાયદાઓ / નિયમોને કારણે ઈજારાની મુદત દરમ્યાન જો કોઈ નવા ટેક્ષ / ચાર્જ / ડયુટી / વેરાઓ વિગેરે અમલમાં આવે તો તે ભરપાઈ કરવાની તમામ જવાબદારી ઈજારદારની રહેશે અને ફાળવણીની મુદત પુરી થયા પછી જો સરકારશ્રી તરફથી કોઈ લેણું આવશે તો સુરત મહાનગરપાલિકા ઈજારદાર પાસેથી વસુલ કરવા હકદાર રહેશે. ઈજારદારે ભરવાની થતી ટેક્ષ / ડયુટી / વેરા / ચાર્જ વિગેરે તથા સરકારી ધારાની રકમ લાયસન્સ ફીની રકમ સાથે જ ભરપાઈ કરવાની રહે છે.

(૧૨) ટેન્ડર મંજુર થયેથી પરવાનો લેનારે મહાનગરપાલિકાના મુસદ્દા પ્રમાણે સુરત મહાનગરપાલિકા સાથે એગ્રીમેન્ટ કરવાનો રહેશે. એગ્રીમેન્ટના મુસદ્દામાં જણાવેલ શરતો ટેન્ડરનો ભાગ ગણાશે અને એગ્રીમેન્ટમાં જણાવેલ શરતો ઈજારદારશ્રીને બંધનકર્તા રહેશે તથા ઈજારદારશ્રીએ સદર શરતોનું બિનચૂક પાલન કરવાની રહેશે. અને તેમ કરવામાં જો કસુર થશે તો જામીનગીરી તરીકેની સીકયોરીટી ડિપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે અને સુરત મહાનગરપાલિકાને આ કરાર ભંગ થયેથી જે કંઈ નુકશાન થશે તે નુકશાનીની રકમ સુરત મહાનગરપાલિકા ઈજારદાર પાસેથી કાયદેસર રીતે વસુલ કરવા હકદાર રહેશે. ઈજારદારે કરારની કોઈ શરતનો ભંગ કર્યા છે કે નહી ? અને ડીપોઝીટની રકમ જપ્ત કરવી કે નહી ? તે બાબતનો મ્યુ. કમિશનરશ્રીનો નિર્ણય છેવટનો રહેશે અને તે ઈજારદારને બંધનકર્તા રહેશે.

(૧૩) સફળ ટેન્ડરર દ્વારા ટેન્ડરનો પરવાનો મેળવ્યા બાદ અધવચ્ચે ટેન્ડર છોડવામાં આવે તે સંજોગોમાં, સદર ટેન્ડર અન્વયે ભરવામાં આવેલ સીકયુરીટી ડીપોઝીટ જપ્ત કરવા સુરત મહાનગરપાલિકા હકકદાર રહેશે તથા ત્યાર પછીના નવા ટેન્ડરોમાં તે એજન્સીને ભાગ લેવા પર ત્રણ વર્ષ સુધી પ્રતિબંધ લાદવામાં આવશે.

(૧૪) ટેન્ડરર ધ્વારા સમયસર લાયસન્સ ફી ભરવામાં ન આવે અથવા સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન ધ્વારા કોઈપણ કારણથી જાહેરાત ખસેડવા જાણ કર્યા છતાં ન ખસેડે અથવા ટેન્ડરની કોઈ પણ શરતનું પાલન ન કરે તો સુરત મહાનગરપાલિકા પરવાનેદારના ખર્ચે અને જોખમે સદરહું જાહેરાત દૂર કરી શકશે. આ અંગે પેનલ્ટી સહિતનો વહીવટી ચાર્જ પરવાનેદાર પાસેથી વસુલ કરી શકાશે, સદર જાહેરાત માધ્યમોનો કબ્જો સુરત મહાનગરપાલિકા મેળવી, તેની ઉપર જાહેરાતના હકકો મેળવવાહકકદાર રહેશે. જે અન્વયે મ્યુનિસિપલ કમિશનરશ્રીનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.

(૧૫) એગ્રીમેન્ટ તથા ટેન્ડરની તમામ શરતોનું પાલન પરવાનેદારે પરવાનાની મુદત દરમિયાન કરવાનું રહશે. જો કોઈ શરતનો ભંગ કરવામાં આવશે તો શરત દીઠ અને જાહેરાતના માધ્યમો દીઠ રૂા ૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) જે તે પરવાનેદારે મહાનગરપાલિકાની તિજોરીમાં જમાં કરાવવાના રહેશે. વધુમાં, પરવાનો લેનાર પરવાનાની શરતોનું પાલન કરવામાં વારંવાર કસુર કરશે તો મ્યુનિસીપલ કમિશનરને ડીપોઝીટની રકમ જપ્ત કરવાનો અધિકાર રહેશે. કરારના ભંગના પરિણામે સુરત મહાનગરપાલિકાને જે કંઈ નુકશાન થશે તે માટે પરવાનેદાર જવાબદાર રહેશે. પરવાનેદારે પરવાનાની શરતોનો ભંગ કર્યો છે કે કેમ અને ડીપોઝીટની રકમ જપ્ત કરવી કે નહી તે

બાબતો મ્યુનિસીપલ કમિશ્નરશ્રીનો નિર્ણય છેવટનો ગણાશે અને પરવાનો લેનારને તે બંધનકર્તા રહેશે.

**[C] સમયમર્યાદા બાબતઃ–**

(૧) સદર ફાળવણી **૦૧ (એક) વર્ષની** મુદત માટે કરવામાં આવે છે. આ પરવાનાની મુદત એલોટમેન્ટ લેટરની તારીખથી **૦૧ (એક) માસ** બાદ ગણવાની રહે છે. સદર **૦૧ (એક) માસ** માં જાહેરાતના માધ્યમો માટે જરૂરી સ્ટ્રકચર ઉભા કરવા/ઈન્સ્ટોલ કરવા/ મેઈન્ટેનન્સ કરવા વિગેરે જેવી પુર્વ તૈયારી કરવાની રહેશે. ત્યારબાદ પરવાનાની મુદત **૦૧ (એક) વર્ષ** સુધીની રહેશે. જો ઈજારદાર સદર ફાળવણીની મુદત વધારવા માંગતા હોયતો નિયત મુદત પૂર્ણ થવાની તારીખના ઓછામાં ઓછા ૦૬(છ) માસ પહેલાં મુદત વધારવા બાબતે લેખીતમાં નવી ઓફર સાથે અરજી કરવાની રહેશે. પ્રથમ ૦૧ (એક) વર્ષ દરમ્યાન ઈજારદારની સંતોષકારક હશે તો જ મુદતમાં વધારો (Extension) આપવા સુરત મહાનગરપાલિકા નિર્ણય કરશે. ઈજારદારની નવી ઓફર ધ્યાને લઈ સુરત મહાનગરપાલિકાને યોગ્ય જણાય તેવી શરતો/લાયસન્સ ફી મુજબ મુદત વધારો કરવામાં આવશે. મુદત વધારવી કે કેમ? જે અન્વયેના નિર્ણયની સઘળી સત્તા મ્યુનિસીપલ કમિશ્નરશ્રીની રહેશે અને જો કોઈ કેસમાં મુદત વધારવામાં આવે કે ન આવે તો તેવા કેસમાં સુરત મહાનગરપાલિકા કોઈપણ ખુલાસા કે કારણો આપવા બંધાયેલ નથી.

(૨) ઈજારદારની કામગીરી સંતોષકારક ન જણાય તો તેમનો ઈજારો મુદત પુરી થતા પહેલા રદ કરવાનો મહાનગરપાલિકાને અધિકાર અબાધિત રહેશે. જેને માટે મ્યુનિસીપલ કમિશ્નરશ્રીનો નિર્ણય આખરી ગણાશે.

(૩) સીકયોરીટી ડીપોઝીટની રકમ ભર્યા બાદ ઈજારદારને જાહેરાતના માધ્યમો ઉભા કરી તેના પર જાહેરાત કરવા માટે પરવાનગી આપવામાં આવશે. સીકયોરીટી ડીપોઝીટની રકમ, લાયસન્સ ફીની રકમ ભરપાઈ કરવામાં જો વિલંબ થશે તો તે ઈજારદારની જવાબદારી ગણાશે અને તેને લીધે કામગીરીની નિયત સમયમર્યાદામાં કોઈપણ જાતનો વધારો કરી આપવો મહાનગરપાલિકા માટે ફરજીયાત નથી આવી પરિસ્થિતીને ધ્યાને લઈ મુદતમાં વધારો કરી આપવો કે કેમ ? તે અંગે નિર્ણય લેવાની મ્યુનિસીપલ કમિશ્નરશ્રીની સત્તા અબાધિત રહેશે અને આપેલ નિર્ણય અંગેના કોઈ કારણો આપવામાં આવશે નહી.

(૪) ઈજારાનો સમયગાળો પૂર્ણ થયેથી ઈજારદાર તરફથી લગાડવામાં આવેલ તમામ જાહેરાતો / લખાણ / લોગો વિગેરે પોતાના ખર્ચે દૂર કરી તમામ માધ્યમો (હોર્ડિંગ્સના સ્ટ્રકચર) નો કબજો સારી હાલતમાં સુરત મહાનગરપાલિકાને સોંપવાનો રહેશે. જો ઈજારદાર દ્વારા પોતાની જાહેરાતો / લખાણ / લોગો

વિગેરે દૂર કરવામાં વિલંબ થશે તો તે તમામ ઈજારદારના ખર્ચે અને જોખમે સુરત મહાનગરપાલિકા દૂર કરી / કરાવી જુદા જુદા તમામ માધ્યમો (હોર્ડિંગ્સના સ્ટ્રકચર) નો કબજો લઈ લેશે અને તે અંગેનો જે કંઈ ખર્ચ થાય તે તથા આ મુજબ કરવામાં વધારાનો સમય લાગે તે માટે પણ સપ્રમાણ વધારાની લાયસન્સ ફી / ચાર્જ અત્રે જમા સીકયુરીટી ડીપોઝીટની રકમમાંથી કાપી લેવા સુરત મહાનગરપાલિકા હકકદાર રહેશે.

**[D] સંખ્યા બાબતઃ–**

(૧) આ કામે જાહેરાતના હકકો ફાળવવા માટે નિયત કરવામાં આવેલ માધ્યમોની સુચિત યાદી પત્રક–૫ માં દર્શાવી છે.

(૨) સુરત મહાનગરપાલિકાને જરૂર જણાયે ટેન્ડરમાં સુચવેલ / દર્શાવેલ હોર્ડિંગ્સ/ બોર્ડના માધ્યમ વધારી / ઘટાડી શકશે અથવા માધ્યમોની સંખ્યામાં ફેરફાર કરી શકશે. ટેન્ડરમાં નિયત હોર્ડિંગ્સ/ બોર્ડના માધ્યમોની સંખ્યા કરતા વધારાના માધ્યમો પર જાહેરાત પ્રદર્શિત કરવાની થાય તો તે માટે ઈજારદારે સુરત મહાનગરપાલિકાની પૂર્વ મંજુરી મેળવી કરી શકશે. વધારાના ઉભા કરવાના / બનાવવાના થતા જાહેરાતના બોર્ડ માટે મંજુર લાયસન્સ ફી મુજબની વધારાની લાયસન્સ ફીની રકમ ઈજારદારે પ્રમાણસર ભરવાની રહેશે.

(૩) આ મુજબની જો કોઈ માધ્યમની સાઈઝમાં પણ જો વધારો / ઘટાડો થઈ શકે તેવી પરિસ્થિતિમાં ઈજરાદારે સુરત મહાનગરપાલિકાની સુચના મુજબ પોતાના ખર્ચે અને જોખમે વધારો / ઘટાડો કરી આપવાનો રહેશે. આ પ્રમાણે માધ્યમની સાઈઝમાં થતાં વધારા / ઘટાડા અનુસારના ક્ષેત્રફળ મુજબ લાયસન્સ ફીમાં સંપ્રમાણ વધારો / ઘટાડો કરવાનો રહેશે.

(૪) કામગીરીના અમલીકરણ વખતે સ્થાનિક જરૂરીયાતો અગર તો કોઈ અન્ય તાંત્રીક કારણોસર હોર્ડિંગ્સ/બોર્ડના માધ્યમો દુર કરવામાં આવે તો એવી ઘટાડેલી સંખ્યાઓને અનુરૂપ ઈજારદારને લાયસન્સ ફીમાં સપ્રમાણસર ઘટાડો આપવામાં/અગરતો ભવિષ્યની ફી માંથી મજરે આપવામાં આવશે. પરંતુ તેના બદલામાં ઈજારદાર ફાળવણીની સમયમર્યાદા, નફામાં નુકશાની (Loss in Profit) વિગેરેની કોઈ રજુઆત / માંગણી કરી શકશે નહી. જાહેરાતના માધ્યમોની સંખ્યામાં વધારો થાય તો મંજુર થયેલ ભાવ/ શરતોને આધીન ઈજારદાર કામગીરી કરી શકશે.

(૫) વધુમાં, જો ચાલુ કામગીરી દરમ્યાન સદર કામે સુરત મહાનગરપાલિકા તરફથી સદર ટેન્ડરમાં જણાવેલ સંખ્યા સિવાયના અન્ય વધારાના નવા જાહેરાતના માધ્યમો ઉભા કરવા સુચવવામાં આવે કે ટેન્ડરમાં ઉલ્લેખ કર્યા સિવાયના અન્ય હયાત જાહેરાતના માધ્યમો ઉપર સુરત મહાનગરપાલિકા પુર્વ મંજુરી બાદ જાહેરાત કરી શકાશે. જેમાં ટેન્ડરના મંજુર ભાવને યથાવત ગણવાનો રહેશે અથવા સુરત

મહાનગરપાલિકા જે ભાવ મંજુર કરે તે માન્ય રાખવાનો રહેશે અને તે મુજબ થતી વધારાની સીકયોરીટી ડીપોઝીટની રકમ (વાર્ષિક લાયસન્સ ફીના ૨૫% લેખે) ભરવાની રહેશે.

(૬) કેન્દ્ર/રાજય સરકારશ્રીનાં કે સુરત મહાનગરપાલિકાના કાર્યક્રમો માટે જરૂરિયાત મુજબના હોર્ડિંગ્ઝ/માધ્યમો ઉપર સુરત મહાનગરપાલિકા જાહેરહિતમાં જાહેરાત કરી શકશે. આ બાબતે જે તે પરવાનેદાર વાંધો કે તકરાર કરી શકશે નહિ.

(૭) શહેર વિસ્તારમાં બનાવવામાં આવેલ ફુટ ઓવર બ્રીજના બંને બાજુ ૬૦૦ મી. સુધીના વિસ્તારમાં આવેલ જાહેરાતના માધ્યમો આ ટેન્ડર પ્રક્રિયામાંથી બાકાત રાખવામાં આવેલ છે. તેમ છતા સ્થળની ચોકકસ વિગતો ધ્યાને લેતા સદર સંખ્યા/ક્ષેત્રફળમાં ફેરફાર (વધ/ઘટ) કરવા પાત્ર/થયેલ જણાય તો તદ્દઅનુસાર વધ/ઘટ ક્ષેત્રફળના સપ્રમાણમાં લાયસન્સ ફી માં વધારો/ઘટાડો થવા પાત્ર રહેશે, જેની નોંધ લેવી.

(૮) ઈજારાના સમયગાળા દરમ્યાન સુરત મહાનગરપાલિકા ધ્વારા ટેન્ડરમાં દર્શાવ્યા સિવાયના નવા જાહેરાતના માધ્યમો માટે લોકેશન સુચિત કરવામાં આવે અને તે ફાળવી શકાય તેમ હોય તો આ નવા માધ્યમો માટેની ફાળવણી ઈજારદારને આજ ટેન્ડરના ભાગ, શરતો તથા સમયમર્યાદાને આધિન રહેશે. સદર જાહેરાતના માધ્યમો ઈજારદાર લેવા સંમત ન હોય તો તે જાહેરાતના માધ્યમોની ફાળવણી અન્ય ઈજારદારને સુરત મહાનગરપાલિકા નકકી કરે તે ભાવો, શરતો અને સમયમર્યાદા માટે થઈ શકશે. તેમાં ઈજારદાર કોઈ વાંધો લઈ શકશે નહી.

**[E] બાંધકામ / ઈરેકશન (Erection) તથા નિભાવ અને જાળવણી (મેઈન્ટેનન્સ) બાબતઃ–**

(૧) જાહેરાતના માધ્યમો (હોર્ડિંગ્સ/બોર્ડ) ઉભા કરવાની કામગીરી દરમ્યાન, જાહેરાતો લગાડવાની કામગીરી દરમ્યાન કે માલ–સામાનની હેરફેર કરતી વખતે કામદારો, આજુબાજુના રહીશો, વાહન વ્યવહાર કે અવર જવર કરનાર નાગરીકોને વિપરીત અસર ન થાય તેમજ નુકશાન ન પહોંચે તેમજ કોઈ અકસ્માત ન થાય તે રીતે કામગીરી કરવાની રહેશે. સંભવિત અકસ્માતની શકયતાઓ સામે તમામ પ્રકારના તકેદારીના પગલા લેવાની જવાબદારી ઈજારદારની છે. આ કામગીરી દરમ્યાન કોઈ અકસ્માત / જાનહાની થશે તો તે અંગેની સઘળી જવાબદારી ઈજારદારની છે.

(૨) આ કામગીરી દરમ્યાન સુરત મહાનગરપાલિકાની મિલ્કતને કોઈ નુકશાન નહી પહોંચે તેની જવાબદારી ઈજારદારની રહેશે અને તેને કોઈ નુકશાન થશે તે સુરત મહાનગરપાલિકા ઈજારદાર પાસેથી વળતર લઈ શકશે.

(૩) આ તમામ માધ્યમો ઉભા કરવાની કામગીરી દરમ્યાન કે તેના પર જાહેરાતો પ્રદર્શિત કરવામાં આવે ત્યારે સુરત મહાનગરપાલિકાની મિલ્કતને કોઈ નુકશાન ન થાય તેની ખાસ કાળજી રાખવી તથા જે

કંઈ તુટ–ફુટ થાય તેની મરામત સુરત મહાનગરપાલિકા તરફથી સુચવ્યા મુજબ કરવાની તથા તેને યથાવત સ્થિતિમાં લાવવાની જવાબદારી ઈજારદારની રહેશે.

(૪) જાહેરાતના બોર્ડ તથા તમામ માધ્યમોને કોઈપણ નુકશાન થાય અથવા ચોરાય જાય તે માટે સુરત મહાનગરપાલિકાની કોઈ જવાબદારી રહેશે નહી તમામ જવાબદારી ઈજારદારની રહેશે.

(૫) જાહેરાત બોર્ડ/લખાણ/લોગો/સીમ્બોલ વિગેરે માધ્યમોની જાળવણી તથા સલામતીની તેમજ કોઈ અકસ્માત થાય તો તેની સઘળી જવાબદારી ઈજારદારની રહેશે તથા તે અંગે કોઈ વળતર આપવાનું થાય તો તેની જવાબદારી ઈજારદારની રહેશે.

(૬) અકસ્માતથી પડી જાય તેવા તકલાદી અગર ભયજનક હોય તેવા માધ્યમો રાખવા દેવામાં આવશે નહી અને જો તેમ થયેલ જણાશે તો તેવા માધ્યમો મહાનગરપાલિકા વગર નોટિસે પરવાનેદારના ખર્ચે અને જોખમે ઉતરાવી નાંખશે તેમજ તે અંગેની કોઈપણ રકમ રીફન્ડ આપવામાં આવશે નહી. સ્ટ્રકચરલી સ્ટેબલ તથા તમામ પ્રકારે સલામત હોર્ડિંગ્સ/તમામ માધ્યમો રાખવાની સંપૂર્ણ જવાબદારી ઈજારદારની રહે છે. આ સંબંધે કોઈપણ અકસ્માત/નુકશાન/જાનહાની સર્જાશે તો તે અંગેની સઘળી જવાબદારી ઈજારદારની રહેશે.

(૭) જાહેરાતના હોર્ડિંગ્સ/બોર્ડના માધ્યમો મજબુત, કાટ ન લાગે તેવા રંગથી રંગેલું અને જરૂર પડે સહેલાઈથી ઉતારી શકાય તેવી રચનાવાળું હોવું જોઈએ.

(૮) સુરત મહાનગરપાલિકા ધ્વારા તેઓની મિલકત/ થાંભલા રસ્તા પર રંગ રોગાન/ મરામતનું કામ કરે ત્યારે પરવાનેદાર તેમના જાહેરાતના માધ્યમો ઉતારવાના રહેશે. જો તે ઉતારવામાં નહિ આવે તો જાહેરાતના માધ્યમોથી ઢંકાયેલા અને રંગાયેલા ભાગનું કામ મ્યનિસીપલ કોર્પોરેશનને માન્ય કરેલ રંગથી પરવાનેદારે તેમના ખર્ચે અને જોખમે કરી આપવાનું રહેશે અને જો તેમ નહી થાય તો સુરત મહાનગરપાલિકા પરવાનેદારના ખર્ચે અને જોખમે કરી શકશે.

(૯) ઈજારદારે જાહેરાતના તમામ માધ્યમોનું નિયમિત રૂપે મેઈન્ટેનન્સ કરવાનું રહેશે. હોર્ડિંગ્સ/બોર્ડની કામગીરી શરૂ કરતાં પહેલાં સ્ટાન્ડર્ડ ક્વોલીટીના એન્ટીકોરોઝીવ (Anti-Corrosive) પેઈન્ટ વડે રંગવાના રહેશે અને પ્રતિ વર્ષ આ મુજબ કલરકામ કરતાં રહેવાનું રહેશે.

(૧૦) એલોટમેન્ટ લેટર મળ્યેથી જાહેર રસ્તાઓ પરના નિયત લોકેશનો પર જાહેરાતના બોર્ડ (હોર્ડિંગ્સ) ઉભા કરી માન્ય સ્ટ્રકચરલ એન્જીનીયર પાસેથી ચકાસણી કરાવી સ્ટેબીલીટી સર્ટીફીકેટ રજુ કરવા સહિતની સલામતી અંગેની સંપૂર્ણ જવાબદારી ઈજારદારની છે.

(૧૧) ઈજારદારે હોર્ડિંગ્સના સ્ટ્રકચર માટે માન્ય સ્ટ્રકચરલ ઈજનેર પાસેથી ઈજારો શરૂ કરતા પહેલા તથા ત્યારબાદ વધુમાં વધુ દર વર્ષના અંતરે સ્ટ્રકચરલ સ્ટેબીલીટી સર્ટી મેળવવાનું તથા ખાસ

વિપરીત/આકસ્મિક સંજોગો સર્જાય ત્યારે/ જરૂર જણાયે સ્ટ્રકચરની સલામતી અંગેની ઉપર મુજબ જરૂરી ચકાસણી કરાવી સર્ટી મેળવવાનું રહેશે તથા માન્ય સ્ટ્રકચર ઈજનેરશ્રી સુચવે તે પ્રમાણેના સલામતીના પગલા/રીપેરીંગ/મરામત/સ્ટ્રેન્ધનીંગ ઈજારદારશ્રીએ કરાવવાનું રહેશે. તકેદારીના ભાગ રૂપે જાહેરાત બોર્ડના સ્ટ્રકચરની સ્ટેબીલીટીની ચકાસણી નિયમિત સમયાંતરે ઈજારદારશ્રીએ કરાવવાની રહેશે. તેમજ સદર સંજોગોમાં સુરત મહાનગરપાલિકા ધ્વારા આપવામાં આવેલ સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૨) હોર્ડિંગ્સ તથા બોર્ડના સ્ટ્રકચર,નટ–બોલ્ટ, ફિકચર્સ (Fixtures) વિગેરે દર મહિને ચેક કરવાના રહેશે અને તેને જરૂર જણાયે ટાઈટ કરી આ માધ્યમોને સલામત રાખવાના રહેશે. અગર તો નટ–બોલ્ટ કે ફિકચર્સ (Fixtures) બદલવા જોગ જણાય તો તે ઈજારદારે તાત્કાલિક પોતાના ખર્ચે બદલવાના રહેશે.

(૧૩) કામગીરીના સમયગાળા દરમ્યાન કોઈ માધ્યમ તૂટી / નમી / વળી / પડી જાય નહીં તેની પૂરતી જાળવણી / કાળજી ઈજારદારે અચુક રાખવાની છે અને જો કોઈ માધ્યમને અસર થાય તો તેને ફરી પાછા મૂળ સલામત સ્થિતિમાં લાવવાની જવાબદારી ઈજારદારની છે.

(૧૪) વરસાદ–વાવઝોડા કે કુદરતી આફતોના સમયે તથા નિયમિત ધોરણે આ તમામ માધ્યમોની ખાસ ચકાસણી કરવાની રહેશે અને તેની વિશેષ જાળવણી કરવાની રહેશે. જે દરમ્યાન કોઈ અકસ્માત કે જાનહાનિ થાય તો તેની પણ સંપુર્ણ જવાબદારી ઈજારદારની રહેશે, તે અંગે સુરત મહાનગરપાલિકાની કોઈ જવાબદારી રહેશે નહી.

(૧૫) ટેન્ડરના પત્રક–૫ માં જણાવેલ સાઈઝ અને લોકેશન મુજબ જાહેરાતના બોર્ડના સ્ટ્રકચર (હોર્ડિંગ્સ) ઉભા કરી જાહેરાત પ્રદર્શિત કરવાની રહેશે અને સદર બોર્ડની સૌથી નીચેની ધાર જમીન / રોડ/ ફૂટપાથ લેવલથી ઓછામાં ઓછી ૩.૦૦ મીટરની ઉંચાઈએ રાખવાનું રહેશે અન્યથા જાહેરાતનું બોર્ડ પરવાનગી વિનાનું ગણીને ઈજારદારના ખર્ચે અને જોખમે સુરત મહાનગરપાલિકા ઉતરાવી નાખશે. વધુમાં, તમામ બોર્ડ સુરત મહાનગરપાલિકાના અધિકૃત કર્મચારી / અધિકારી જે ડીમાર્કેશન કરી આપે તે મુજબ જ ઉભા કરવાના રહેશે.

(૧૬) જાહેરાતના માધ્યમોથી કોઈપણ અકસ્માત કે જાનહાનિ થાય તો તે અંગે વળતર ચુકવવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય તો તે વળતર ચુકવવા અંગેની જવાબદારી ઈજારદાર/પરવાનેદારની રહેશે, તે અંગે સુરત મહાનગરપાલિકાની કોઈ જવાબદારી રહેશે નહી.

(૧૭) જો ઈજારદાર ઈચ્છેતો પોતાના ખર્ચે અને જોખમે જાહેરાતના બોર્ડ બેકલીટ અથવા ફ્રન્ટલીટ ટાઈપના પ્રકાશિત (illuminated) કરી શકશે. જેને માટેની જરૂરી તમામ સાધન – સામગ્રીના વ્યવસ્થાઓ

ઈજારદારે પોતાના ખર્ચે કરવાની રહેશે. જાહેરાત પ્રકાશિત કરવા માટેની વીજળીની જોગવાઈ / કનેકશન તેમજ મીટર વિગેરે મેળવવાની તમામ કાર્યવાહી ઈજારદારે પોતાના ખર્ચે અને જોખમે કરવાની રહેશે. જેને માટે ઈજારદારની લેખિત અરજી મળ્યેથી અત્રેથી વીજળી કનેકશન / મીટર મેળવવામાં સહયોગી થઈ શકાય તે હેતુથી "ન વાંધા પ્રમાણપત્ર" આપવામાં આવશે. પ્રકાશિત (illuminated) જાહેરાત માટે વીજ કનેકશન / મીટર મેળવવાનો તમામ ખર્ચ ઈજારદારે ભોગવવાનો રહેશે તથા ઈજારાના સમગ્ર સમયગાળા દરમ્યાનના વીજ વપરાશના ચાર્જિસ નિયમિત રૂપે જે તે વીજ કંપનીને ભરપાઈ કરવાના રહેશે.

(૧૮) ઈજારદાર ધ્વારા જાહેરાતને પ્રકાશિત (illuminated) કરવામાં આવે તો, ઈલેકટ્રીફીકેશનની કામગીરી બાબતે જરૂરી સલામતના પગલાં લઈ જાહેરાતને પ્રકાશિત (illuminated) કરી શકશે. સદર ઈલેકટ્રીફીકેશનની કામગીરી અંતર્ગત કોઈપણ પ્રકારનો અકસ્માત કે જાનહાનિ થશે તો તેની સંપુર્ણ જવાબદારી ઈજારદારની રહેશે, તે અંગે સુરત મહાનગરપાલિકાની કોઈ જવાબદારી રહેશે નહી.

(૧૯) ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટ–૧૯૭૬ હેઠળના મંજુર પુનરાવર્તિત ડેવલપમેન્ટ પ્લાન મુજબના મંજુર ડેવલપમેન્ટ કન્ટ્રોલ રેગ્યુલેશન્સના નિયમો તથા ધી બી.પી.એમ.સી. એકટ–૧૯૪૯ની કલમ–૨૪૫ની જોગવાઈઓ તથા સુરત મહાનગરપાલિકા ધ્વારા વખતો વખત લાગુ કરવામાં આવે તેવા નિયમો અરજદાર / એજન્સીને માન્ય અને બંધનકર્તા રહેશે.

(૨૦) પ્રવર્તમાન જનરલ ડેવલપમેન્ટ કન્ટ્રોલ રેગ્યુલેશન્સના નિયમો સંદર્ભે જે કોઈ નિર્ણય લેવાય કે ફેરફારો થાય અને તે સંદર્ભે સુરત મહાનગરપાલિકા જે નિર્ણય કરે તેને આધિન, આ ટેન્ડરનો પરવાનો આપ્યો હોવાનું ગણવાનું રહેશે.

**[F] જાહેરાત કરવાની શરતો બાબતઃ–**

(૧) ઈજારદાર જાહેરાતના બોર્ડ પર અયોગ્ય, અશ્લીલ, કાયદા થી પ્રતિબંધિત તેમજ જાહેર સુરૂચીનો ભંગ કરે તેવી કોઈ પણ જાહેરાત પ્રદર્શિત કરી શકશે નહિ અને જો તેમ થયેલ જણાશે તો તેવી જાહેરાતના બોર્ડ/લખાણ/લોગો/સીમ્બોલ મહાનગરપાલિકા ઈજારદારના ખર્ચે અને જોખમે વગર નોટીસે દુર કરી નાખશે અને તેમ કરવાનો જે ખર્ચ થશે તે ઈજારદાર પાસેથી વસુલ કરવામાં આવશે.

(૨) જાહેરાત પ્રદર્શિત કરવા માટેની મહત્તમ સાઈઝ નિયત કરવામાં આવેલ છે તે જગ્યા પર જ અને તેની મર્યાદામાં રહીને યોગ્ય મટીરીયલના ફ્રેમીંગ સહિતના બોર્ડ સ્ટ્રકચર જાહેરાતના માધ્યમો ઉપર લગાવવાના રહેશે.

(૩) દરેક બોર્ડ ઉપર સુરત મહાનગરપાલિકાનો લોગો, ઈજારદાર/સંસ્થાનું નામ, બોર્ડનો ક્રમાંક તથા ટેલીફોન નંબર, પરવાનગીની વિગત, પરવાનગીનો સમયગાળો દુરથી દેખાય તે રીતે ફરજીયાત લખવાનો રહેશે.

(૪) ઈજારા દરમ્યાન જાહેરાતના માધ્યમો ઉપર જાહેરાત માટે નિયત કરવામાં આવે તે સિવાયની જગ્યા/વિસ્તારમાં કોઈ પણ પોસ્ટર્સ, બેનર્સ, સાઈનબોર્ડ વિગેરે લગાવવામાં નહીં આવે તથા અન્ય કોઈ રીતે તેનો દુર ઉપયોગ કે બગાડ થાય નહી તેની તકેદારી રાખવાની જવાબદારી ઈજારદારની રહેશે.

(૫) જાહેરાતના બોર્ડ/લોગો/લખાણને લીધે કોઈ પણ વ્યકિત અગર સંસ્થાને કોઈ પણ પ્રકારનું નુકસાન થશે તેની જવાબદારી ઈજારદારની રહેશે.

(૬) ઈજારાની મુદત દરમ્યાન જાહેર હિતમાં અથવા અન્ય કોઈ પણ કારણોસર જરૂર જણાય તો મહાનગરપાલિકા ઈજારદારને ટુંકી નોટીસ આપી ઈજારો રદ કરી શકશે. તેવા પ્રસંગે ઈજારદારને કોઈપણ પ્રકારનું વળતર કે નુકશાની માંગવાનો અધિકાર રહેશે નહી. તથા ઈજારદારે તાત્કાલીક પોતાના જાહેરાતના બોર્ડ સ્વખર્ચે ઉતારી જાહેરાતના માધ્યમો નો કબજો સુરત મહાનગરપાલિકા સોંપવાનો રહેશે.

(૭) સરકાર દ્વારા ચૂંટણીની જાહેરાત થયેથી તેની આચાર સંહિતાનો અમલ થાય તે સમયગાળા દરમ્યાન ઈજારદાર ઉકત ચૂંટણીની આચાર સંહિતાનો ભંગ થાય તેવી કોઈપણ જાતની જાહેરાતો પ્રસિધ્ધ કરી શકશે નહી અને જો આ સમયગાળા દરમ્યાન આવી કોઈ જાહેરાતો પ્રસિધ્ધ કરવામાં આવ્યાનું જણાશે તો તે અંગેના જે કંઈ પરિણામની સઘળી જવાબદારી ઈજારદારની રહેશે.

(૮) ઈજારદાર દ્વારા પ્રદર્શિત કરવામાં આવેલ જાહેરાત બાબતે કોઈપણ વ્યકિત, સંસ્થા, ખાતા, વિભાગ દ્વારા વાંધો રજુ કરવામાં આવે તો તે બાબતનો યોગ્ય નિકાલ ઈજારદારે પરભારે કરવાનો રહેશે તથા તેવી જાહેરાતો બાબતે સ્પષ્ટતા / ખુલાસા ઈજારદાર પાસેથી સુરત મહાનગરપાલિકા માંગી શકે છે અને જે જાહેરાત બાબતે કોઈને વિરોધ છે તે જાહેરાત વાંધાજનક ન હોવા બાબતે સંતોષકારક / અધિકૃત પુરાવાઓ સહિતનો જવાબ ઈજારદારે રજુ કરવાનો રહેશે.

(૯) જાહેરાતના માધ્યમો પર કોઈ પણ પ્રકારનું ડાયરેકટ પેઈન્ટીગ કરી શકાશે નહિ.

(૧૦) બીડી, ગુટખા, સિગારેટ, તમાકુ અથવા કોઈ પ્રતિબંધિત ચીજ વસ્તુઓની જાહેરાત પ્રદર્શિત કરી શકાશે નહિ.

(૧૧) માદક દ્રવ્યો અને મધપાન કરનાર પીણાં અને પદાર્થો અંગેની જાહેરાત પ્રદર્શિત કરી શકાશે નહિ.

(૧૨) ઈજારદાર પ્રવર્તમાન કાયદા મુજબ રાજકીય અથવા સામાજિક, નૈતિક અથવા ધાર્મિક દ્રષ્ટિકોણથી અશ્લીલ વાંધાજનક કોઈ પણ જાહેરાત પ્રસિધ્ધ કરી શકાશે નહિ.

(૧૩) ઈજારાના સમયગાળા દરમ્યાન સુરત મહાનગરપાલિકા, સરકાર અથવા માનનીય અદાલત ધ્વારા પ્રતિબંધિત જાહેર ખબર અંગેના કોઈ પણ ફેરફારો ઈજારદાર ધ્વારા તાત્કાલિક અમલી અને બંધનકર્તા રહેશે.

(૧૪) ઈજારદારે ટેન્ડરમાં જણાવેલ ભાવો / ઓફર પ્રમાણેની નિયત પુરેપુરી લાયસન્સ ફીની રકમ તાકીદે ભરવાની રહેશે અને જો કોઈ માધ્યમ પર ઈજારદાર ધ્વારા જાહેરાત કરવામાં ન આવે તો પણ પુરેપુરી લાયસન્સ ફીની રકમ સુરત મહાનગરપાલિકામાં ભરપાઈ કરવાની રહેશે. જેની ઈજારદારે સ્પષ્ટ નોંધ લેવી.

(૧૫) સદર કામે ટેન્ડરમાં જણાવેલ જાહેરાતના તમામ માધ્યમોના સ્ટ્રકચરની નિયમિત રૂપે સાફ–સફાઈ, ચકાસણી તથા નિરિક્ષણ કરવાનું રહેશે. જાહેર જનતાના મેળાવડા કે અન્ય સામાજીક / ધાર્મિક પ્રસંગો દરમ્યાન વિશેષ કાળજી રાખીને જાહેરાતના તમામ માધ્યમોની ચકાસણી કરી લેવાની રહેશે તથા કાયદાથી પ્રતિબંધિત હોઈ તેવી વાંધાજનક / નુકશાનકારક, વિસ્ફોટક કે અન્ય બિનવારસી ચીજ–વસ્તુઓ મુકવામાં આવે નહી તેની કાળજી રાખવા તેમજ આવી કોઈ વસ્તુ જણાય તો તાત્કાલિક જવાબદાર ખાતા / વિભાગને જાણ કરવાની રહેશે. સ્વચ્છતા/આરોગ્યપ્રદ સ્થિતિ જાળવવાની રહે છે.

(૧૬) રોડ, ટ્રાફિક સાઈન, સિગ્નલને અંતરાયરૂપ થાય તે રીતે બોર્ડ મુકી શકાશે નહી.

(૧૭) વાહન ચાલકોને વાહન ચલાવવામાં તકલીફ ઉભી કરે તેવા પ્રકાશીત કે નિયોન પ્રકારની જાહેરાત પ્રદર્શિત કરી શકાશે નહિ.

(૧૮) જાહેર જનતાના માનસ ઉપર વિકૃત અસર કરે તેવી જાહેરાત કે વોલ પેઈન્ટીંગની મંજુરી આપવામાં આવશે નહી.

(૧૯) વસવાટના વિસ્તારમાં ત્રાસરૂપ થાય તેવી પ્રકાશીત જાહેરાત કે નિયોન સાઈન જાહેરાત મુકી શકશે નહી.

(૨૦) દરેક હોર્ડિંગ્સ પવન, વરસાદ, ધરતીકંપ જેવા તમામ લોડીંગને અનુરૂપ નેશનલ બિલ્ડીંગ કોડમાં સુચવ્યા મુજબની સ્ટ્રકચરલ ડિઝાઈન ધરાવતા હોવા જોઈએ.

(૨૧) જેના આકાર, સ્થળ તથા રંગના કારણે અધિકૃત ટ્રાફિક સાઈન કે સિગ્નલ સાથે ગુંચવણો ઉત્પન્ન કરે તેવી જાહેરાતો પ્રસિધ્ધ કરી શકાશે નહી.

(૨૨) "PUBLIC RIGHT OF WAY" માં આવી જાહેરાતો પ્રસિધ્ધ કરી શકશે નહી.

(૨૩) રાહદારી / વાહન ચાલકને ગેરમાર્ગે દોરી ગૂંચવણો ઉત્પન્ન કરે તેવા "STOP", "LOOK", "DANGER" કે આવા પ્રકારના અન્ય શબ્દ ધરાવતી જાહેરાતો પ્રસિધ્ધ કરી શકાશે નહી.

(૨૪) ઉપરોકત કોઈપણ શરતો ઈજારદાર પાલન કરવાનું ચૂકે તો ઈજારદારને સુરત મહાનગરપાલિકા દિન–૩૦ ની નોટીસ આપી કામગીરીમાંથી મુકત કરી શકશે અને આ તબકકે કરેલ કામગીરી અંગે કોઈ પણ પ્રકારનું વળતર ચુકવવામાં આવશે નહી.

ઉપરોકત તમામ શરતોના અર્થઘટન બાબતે મ્યુનિસિપલ કમિશનરશ્રીનો નિર્ણય આખરી અને ટેન્ડરરને બંધનકર્તા રહેશે. સદર ટેન્ડર સંદર્ભે કોઈપણ પ્રકારના કાયદાકીય પ્રશ્ન ઉભા થશે તો તે અંગેનું કાયદાકીય/ ન્યાયિક ક્ષેત્ર સુરત રહેશે.

**ટેન્ડરરની સહીઃ–**

**કાર્યપાલક ઈજનેર**
**સાઉથ વેસ્ટ (અઠવા)ઝોન**
**સુરત મહાનગરપાલિકા**

હું નીચે સહી કરનાર શ્રી _______________________________________________ સરનામું _____

_____________________________________________________

સંસ્થા હોય તો તે સંસ્થાનું નામ :–

તથા સંસ્થા સાથેનો સંબંધ :–

ઉપર જણાવેલ ટેન્ડરની તમામ શરતો પૂરેપૂરી વાંચી, સમજી અને તે પ્રમાણે વર્તવાની ખાતરી આપીને આ ટેન્ડર ભરવામાં આવેલ છે, અને ઉપરોકત શરતો પ્રમાણે વર્તવાની હું શ્રી _________________________________________________ આથી લેખિત બાંહેધરી આપું છું.

**–: માલિક / ભાગીદારના ફોટા નામ તથા સહી :–**

નામ : ______________________ નામ : ______________________

સહી : ______________________ સહી : ______________________

નામ : ______________________ નામ : ______________________

સહી : ______________________ સહી : ______________________

**( નોંધ : જો વધુ ભાગીદાર હોય તો બીજી અલગ શીટ સામેલ કરી તેમાં ફોટા ચોંટાડી નામ તથા સહી દર્શાવવા. )**

## પત્રક–૩
## હકીકત ફોર્મ

**સુરત મહાનગરપાલિકાના સાઉથ વેસ્ટ(અઠવા) ઝોન વિસ્તારમાં જાહેર રસ્તા પરનાં નિયત લોકેશન નં.૦૨ લાલ બંગલા તરફ જવાના રસ્તે કુમાર છાત્રાલયની દિવાલને અડીને આવેલ હયાત હોર્ડિંગ્સના સ્ટ્રકચરનું પ્રવર્તમાન નિયમોનુસાર જરૂરી રીપેરીગ કાર્ય કરી તેના પર જાહેરાત પ્રદર્શીત કરવાના હકકો ફાળવવાનું કામ.**

જાહેરાતનો ધંધો કરવા માટેની એસોસીએશનની એજન્સી કે જયાં એક વ્યકિત કે વધુ વ્યકિતઓ કોઈ સંસ્થા બનાવી હોય તેમણે પુરી પાડવાની માહિતી.

(૧) સંસ્થાનું નામ :

(૨) સરનામું :

(૩) સંચાલકનું પૂરેપૂરું નામ :

(૪) સંચાલકનું સરનામું :

(૫) ભાગીદારનું નામ

(૧)

સરનામુંઃ–

(૨)

સરનામુંઃ–

(૩)

સરનામુંઃ–

(૬) શોપ એસ્ટા. નંબર / રજી. નંબર :

(૭) સેલ્સ ટેક્ષ / સર્વિસ ટેક્ષ નંબર :

(૮) કાયમી ઈન્કમટેક્ષ રજીસ્ટ્રેશન નંબર :

(૯) ભાગીદારના કરારની પ્રમાણિત નકલ :

(૧૦) મ્યુનિ. કોર્પો. સાથે પત્ર વ્યવહાર તથા લેવડ દેવડ માટે અધિકૃત કરેલ :

પ્રતિનિધીનું નામ તથા સરનામું

(૧૧) જાહેરાતના બોર્ડની આજદિન સુધી તથા તે પહેલાની સંચાલકોની તેઓની સીસ્ટર કન્સનેની મ્યુનિ. કોર્પોરેશનની કોઈપણ ફી બાકી ન હોવાનું સર્ટીફીકેટ અથવા પહેલાની કોઈપણ ફી બાકી નીકળતી હોય, તો તે આપવા બાબતની લેખિત બાંહેધરીની નકલ. :

(૧૨) ભેગી તથા વ્યકિતગત રીતે કંપની કે એસોસીએશન વિગેરેની જે કંઈ જવાબદારી ઉભી થાય તેના માટે જવાબદારી લેવા બાબતની લેખિત બાંહેધરીનું લખાણ. :

ઉપરોકત જણાવ્યા મુજબની હકીકત મારી જાણ અને માન્યતા મુજબ સાચી છે અને તેની અમો ખાસ ખાતરી તથા બાહેંધરી આપીએ છીએ.

**તા.**

**સહીઃ–**

**નામઃ–**

**માલિક / ભાગીદારનું નામઃ–**

**(૧)**

**(૨)**

# પત્રક–૪
# બાંહેધરી પત્રક

**સુરત મહાનગરપાલિકાના સાઉથ વેસ્ટ(અઠવા) ઝોન વિસ્તારમાં જાહેર રસ્તા પરનાં નિયત લોકેશન નં.૦૨ લાલ બંગલા તરફ જવાના રસ્તે કુમાર છાત્રાલયની દિવાલને અડીને આવેલ હયાત હોર્ડિંગ્સના સ્ટ્રકચરનું પ્રવર્તમાન નિયમોનુસાર જરૂરી રીપેરીગ કાર્ય કરી તેના પર જાહેરાત પ્રદર્શીત કરવાના હકકો ફાળવવાનું કામ.**

આથી હું નીચે સહી કરનાર ______________________________ રહે. ________ ______________________________ આ ટેન્ડરમાં જણાવેલ તમામ શરતો પૂરેપૂરી વાંચી, સમજી તે પ્રમાણે વર્તવાની ખાત્રી આપીને આ ટેન્ડર ભરુ છું. આ ટેન્ડર ફોર્મમાં જણાવેલ લોકેશન ઉપર જાહેરાતના બોર્ડ / હોર્ડિંગ્સ મુકી તેના પર જાહેરાત કરવાના હકકો મે નિયત મુદત માટે મેળવવા માટે સુરત મહાનગરપાલિકાને મે ઓફર કરેલ લાયસન્સ / પરવાના ફી તથા તે ઉપરાંત તમામ મ્યુનિસિપલ, સરકારી, અર્ધસરકારી કરવેરાઓ, વિગેરે તમામ અલગથી નિયમ મુજબ નિયત સમયમાં ભરવાની હું બાંહેધરી આપું છું.

આ ટેન્ડર સાથે નિયત કરેલ ટેન્ડર ફી રૂા. ____________ સુરતની શીડયુલ / રાષ્ટ્રીય બેંકમાં વટાવી શકાય તેવા પે ઓર્ડર / ડિમાન્ડ ડ્રાફટ નં. __________ તા. ______________, ______________ __________ બેંક તથા બાનાની રકમ રૂા. ____________ સુરતની શીડયુલ / રાષ્ટ્રીય બેંકમાં વટાવી શકાય તેવા પે ઓર્ડર / ડિમાન્ડ ડ્રાફટ નં. __________ તા. ______________, ______________ __________ બેંક સુરતનો આ સાથે સામેલ કરેલ છે.

**સંસ્થાનું નામ તથા સીકકો** :–

**સંસ્થાનું પુરું સરનામું** :–

**ટેન્ડરરરનું પુરું નામ** :–

**ટેન્ડરરની સહી** :–

**તા. / /૨૦**

## <u>પત્રક –પ</u>

## જાહેરાત માટેના બોર્ડ (હોર્ડિંગ્સ)ની વિગત દર્શાવતુ પત્રક

| Sr. No. | Location | Nos. | Size(ft.) | | Total Area (Sq. ft.) |
|---|---|---|---|---|---|
| | | | L/B | H | |
| 1 | નિયત લોકેશન નં.૦૨ લાલ બંગલા તરફ જવાના રસ્તે કુમાર છાત્રાલયની દિવાલને અડીને આવેલ હયાત હોર્ડિંગ્સ | 1 | 10' | 20' | 200 |

**નોંધઃ– જાહેરાતના તમામ માધ્યમો ટ્રાફિકને અડચણરૂપ ન થાય તે રીતે ઉભા કરવાના રહેશે.**

**ટેન્ડરરની સહીઃ–**

**કાર્યપાલક ઈજનેર**
**સાઉથ વેસ્ટ (અઠવા)ઝોન**
**સુરત મહાનગરપાલિકા**

## **પત્રક –૬**

## **ઓફર ફોર્મ**

**પ્રતિ,**
**કમિશ્નરશ્રી,**
**સુરત મહાનગરપાલિકા,**
**સુરત.**

અમો નીચે સહી કરનાર ટેન્ડરરશ્રી ______________________________ સુરત મહાનગરપાલિકાના હદ વિસ્તારમાં આવેલ **સુરત મહાનગરપાલિકાના સાઉથ વેસ્ટ(અઠવા) ઝોન વિસ્તારમાં જાહેર રસ્તા પરનાં નિયત લોકેશન નં.૦૨ લાલ બંગલા તરફ જવાના રસ્તે કુમાર છાત્રાલયની દિવાલને અડીને આવેલ હયાત હોર્ડિંગ્સના સ્ટ્રકચરનું પ્રવર્તમાન નિયમોનુસાર જરૂરી રીપેરીગ કાર્ય કરી તેના પર જાહેરાત પ્રદર્શીત કરવાના હકકો ફાળવવાના કામે** આ ટેન્ડર ફોર્મમાં દર્શાવેલ જાહેરાતના તમામ માધ્યમો પર જાહેરાતો પ્રદર્શિત કરવાના હકકો મેળવવા માંગીએ છીએ. જેની સુરત મહાનગરપાલિકા તરફથી લઘુત્તમ વાર્ષિક લાયસન્સ ફીની રકમ રૂા.૪૪૪૬/– ( અંકે રૂપિયા ચાર હજાર ચારસો છેતાલીસ પુરા) પ્રતિ ચો.ફુટ પ્રતિ વર્ષ નકકી કરવામાં આવેલ છે. જે ટેન્ડરની ઓફર કરેલ લાયસન્સ ફી રૂા._______ પ્રતિ ચો.ફુટ પ્રતિ વર્ષ ભરવાની રહેશે.

તેની સામે સદર કામગીરી માટે અમો ઉચ્ચક મહત્તમ છમાસિક લાયસન્સ/પરવાના ફી ના સ્વરૂપ માં રૂા.___________ (અંકે રૂપિયા ____________________________________) પ્રતિ ચો.ફુટ પ્રતિ વર્ષની ઓફર આપીએ છીએ.

**અમારી મહત્તમ ઓફરનો વેલીડીટી પિરીયડ પ્રાઈઝબીડ ખોલવાની તારીખ થી ૧૨૦ (એકસો વીસ) દિવસ સુધીનો રહેશે.**

**તા.    /    /૨૦**

_____________________________
**ટેન્ડરરની સહી તથા સીકકો**
**નામ :**

_____________________________

**નોંધ :– ઓફર ફોર્મ ફકત ઈલેકટ્રોનીક ફોર્મેટ (ઓન લાઈન) જ ભરવાનું રહેશે.ટેન્ડર ભરનારે ઓફર ફોર્મ / પ્રાઈઝબીડ ફકત ઈલેકટ્રોનીક ફોર્મેટમાં નિયત કરેલ અંતિમ તારીખ અને સમય સુધીમાં https://smc.nprocure. com વેબ સાઈટ પર ભરવાનું રહેશે. કોઈ પણ સંજોગોમાં ઓફર ફોર્મ / પ્રાઈઝબીડ હાર્ડ કોપી (Physical form) માં સ્વીકારવામાં આવશે નહી.**

**TAXES, DUTIES, OCTROI, ETC. :**

The Contractor shall be liable to payment of all the Central/ State/Local Bodies' Levies, taxes or duties etc. The SMC shall neither bear it nor reimburse at any time but will ensure deduction of Central/State/Local levies and taxes at Source at the rate provided under the relevant statutes from time to time inforce. Further the work contract tax or GST shall be borne by the Contractor as per Rules and Regulations of Government.

**1% Construction Cess will be deducted from respective R.A. Bill and Final bill in accordance with the prevailing norms of Govt. of Gujarat.**

**GST clause for construction/ erection/commissioning / installation/ repairs/ maintenance/ renovation/ fabrication of structure including building (means all works, contracts/turnkey projects/ supply of materials/ goods).**

**GST (Goods & Service Tax) has come in existence from 1 July 2017. Contract / Successful Bidder is bound to pay any amount of GST prescribed by the Govt. of India as per the Terms of Contract agreed upon during the course of execution of this Contract.**

**During the course of execution of contract. if there is any change in Rate of GST (Goods & Service Tax) by the Government the same shall be reimbursed / recovered separately by SMC subject to the submission of Original Receipt / proof for the amounts actually remitted by the successful Tenderer / Contractor to the competent authority along with a certificate from Chartered Accountant of Contractor / Successful Bidder certifying that the amount of GST paid to the Government and the same shall be intimated / submitted /claimed within 30 Days from the date of payment Remittance of GST within stipulated period shall be the sole responsibility of the Successful Bidder / Contractor, failing which SMC and decision of Municipal Commissioner shall be final and binding on the Contractor / Successful Bidder in this regard Further the non-payment of GST to the Government may lead to the termination of contact and forfeiture of security Deposit / Performance Guarantee Amount.**

**If imposition of any other new Taxes / Duties / Levies / Cess or any other incidentals etc. or any increase in the existing Taxes / Duties / Levies / Cess or any other incidentals etc. (Excluding GST ) are imposed during the course of the contract the same shall be borne by the Contractor / Successful Bidder only in no case SMC shall be liable for the same.**

## AFFIDEVIT

Name of Work: - …………………………………………………………………………

- I the undersigned do hereby certify that all the statements made in the required attachments are true and correct. I also understand that in case of wrongful/false information, corporation is entitled to take any civil & criminal punitive action against me / us .
- The undersigned also hereby certifies that neither our firm M/S …………………………….. nor any constituent partners have abandoned any work in india nor any contract awarded to us has been rescinded during last five year, prior to the date of this bid.
- The undersigned hereby authorize (s) and request (s) any bank, person, authorities, government of public limited institutions, firm or corporation to furnish pertinent information deemed necessary and requested by the SMC to verify our statements of our competence and general reputation etc.
- the undersigned understands and agrees that further qualifying information may be requested and agrees to furnish any such information at the request of the SMC.
- The SMC and its authorized representatives are hereby authorized to conduct any inquiries of investigations to verify the statements, documents and information submitted in connection with this bid and to seek clarification from our bankers and clients regarding any financial and technical aspects. This Affidavit will also serve as authorization to any individual or authorized representative to any institution referred ti in the supporting information to provide such information deemed necessary and requested by representative of Surat Municipal Corporation to verify statements and information provide in the Tender of with regard to the resources, experience and competence of the Applicant.
-

……………………………………………………………………..

Signed by the Authorize signatory of the firm

……………………………………………………………………..

Title of the Office

……………………………………………………………………..

Name of the firm

Date:

- **Note:- It is mandatory to submit the above AFFIDEVIT on non-judicial stamp Paper of Rs.300 and duly notarized(through online Notarized colour scan copy and also in hard copy. )**

## ANNEXURE - B

**UNDERTAKING BY THE TENDERER FOR NOT BLACK LISTED ON RS. 300/- GOVERNMENT STAMP PAPER**

I/We……………………………………….  Address………………………………………

Solemnly affirm and state that on oath that ……………………… (Name of Tenderer) has not been black listed by any Government/Semi Government/Public Sector Undertaking/Public limited and not has been banned/suspended business dealings with the said firm. The information given above is true to the best of my knowledge. I/We agree that if any notice in future, my/our bid/tender shall be rejected/terminated.

SIGNATURE AND SEAL OF THE CONTRACTOR:

NAME AND ADDRESS:

DATE:

- **NOTE- It is mandatory to submit the above UNDERTAKING(ANNEXURE – B) on non-judicial stamp Paper of Rs.300 and duly notarized (through online Notarized colour scan copy and also in hard copy. )**

## ANNEXURE

- Demand Draft for E.M.D. & Tender (Bid) fee shall be submitted in electronic format through online mode (by scanning) while uploading the bid. This submission shall mean that E.M.D. & tender fee are received for purpose of opening of the bid. Accordingly offer of those shall be opened whose E.M.D. & tender (bid) fee is received electronically. However, for the purpose of realization of D.D. bidder shall send the D.D. in original through RPAD / Speed post as per Clasue as to reach to Chief Accountant, SMC as per tender notice.

  Penaltative action will be taken for not submitting original Demand Draft in the account department of Surat Municipal Corporation as per tender notice for the first time as mentioned below.

| Sr. No. | Tender Amount | Penalty Amount in Rs. |
|---|---|---|
| 1. | Up to Rs. 1 Crore | Rs. 10,000/- |
| 2. | More than Rs. 1 Crore and Upto Rs. 10 Crore | Rs. 20,000/- |
| 3. | More than Rs. 10 Crore and Upto Rs. 50 Crore | Rs. 30,000/- |
| 4. | More than Rs. 50 Crore and Upto Rs. 100 Crore | Rs. 70,000/- |
| 5. | More than Rs. 100 Crore | Rs. 1,00,000/- |

  If bidder will not submit the penalty amount within 10 days to Surat Municipal Corporation and/or bidder will not submit the demand draft in original for the second time and after, Penaltative action shall be taken for abeyance of registration and cancellation of E-tendering code for 6 (six) months.

  Any documents in supporting of bid shall be in electronic format only through online (by scanning) & hard copy will not be accepted separately.

- **All documents must be colored scanned to be seen as original. Scanning in black and white of gray shall not be acceptable**
- **All the documents must be notarized with clearly displaying stamp, number and name of the notary.**

**" Following Documents Mention in this tender shall be submitted in HARD COPY to Surat Municipal Corporation by all bidders."**

- Earnest Money Deposit as Mentioned in the tender. (i.e.D.D.)
- Tender fees as mentioned in the tender
- Affidavit on Non Judicial Stamp Paper of Rs.300/-
- Anti-Blacklisting Undertaking on Non Judicial Stamp Paper of Rs.300/-